RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 158, Dt.18-09-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાશ્મીરમાં લોકશાહીનો મહાઉત્સવઃ પ્રથમ તબકકાનું મતદાન શરૂ

## જમ્મુ–કાશ્મીરમાં ૨૪ બેઠક પર બપોર સુધીમાં આશરે ૩૨% મતદાનઃ ૨૧૯ ઉમેદવારો મેદાનેઃ ૨૩ લાખ મતદારોઃ પુલવામા – કુલગામ – કિશ્તવાડમાં મતદારોની લાંબી લાઇનો લાગીઃરાજ્યમાં ૧૦ વર્ષ બાદ ચૂંટણી યોજાઇ રહી છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરમાં આજે ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. આવી સ્થિતિમાં લોકો મતદાન કરવા માટે મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચી રહ્યા છે. આજે, પ્રથમ તબક્કા હેઠળ, ૨૩.૨૭ લાખથી વધુ મતદારો ૨૪,૨૧૯ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે સાત જિલ્લાની ૨૪ વિધાનસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. તેમાં કાશ્મીરના અનંતનાગ, પુલવામા, શોપિયાં અને કુલગામ અને જમ્મુ વિભાગના ડોડા, રામબન અને કિશ્તવાર જિલ્લાઓનો સમાવેશ થાય છે. આજે મહેબૂબા મુફતીની પુત્રી ઈલ્તિજા મુફતીની પણ પ્રથમ પરીક્ષા હશે. તે પ્રથમ વખત ચૂંટણીના રાજકારણમાં ઉતરવા જઈ રહી છે. જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં એક તરફ ભારતીય જનતા પાર્ટી છે તો બીજી તરફ નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ પાર્ટીઓ ગઠબંધન કરીને ચૂંટણી લડી રહી છે. પીડીપીએ આ ચૂંટણીઓ કોઈપણ પક્ષના સમર્થન વિના એકલા હાથે લડી છે.

મતદારોમાં મહિલાઓની સંખ્યા પણ ઘણી વધારે છે. દરમિયાન કોંગ્રેસના મહાસચિવ જીએ મીરે અનંતનાગના ડોરૂ વિધાનસભા ક્ષેત્રમાં મતદાન કર્યું. મીર પણ ડોરૂથી ગઠબંધનના ઉમેદવાર છે.

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીની જંગ ભાજપ, કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ (એલાયન્સ), પીડીપી વચ્ચે હોવાનું માનવામાં આવે છે. ભાજપે જમ્મુની તમામ સીટો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે, તો બીજી તરફ કાશ્મીરમાં માત્ર થોડા જ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ એનસી સાથે ગઠબંધનમાં છે અને તેણે મોટાભાગના ચહેરાઓને જમ્મુ ક્ષેત્રમાં ઉતાર્યા છે. મહેબૂબા મુફતીની પીડીપી બંને બેઠકો પર ચૂંટણી લડી રહી છે. આ ઉપરાંત અન્ય નાની પાર્ટીઓએ પણ સ્પર્ધાને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ની પ્રથમ તબક્કા માટે આજે મતદાન થઈ રહ્યું છે. પ્રથમ રાઉન્ડમાં સાત જિલ્લાની કુલ ૨૪ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. સવારે ૯





વાગ્યા સુધી અહીં ૧૧.૧૧ ટકા મતદાન નોંધાયું છે. કિશ્તવાડમાં સૌથી વધુ ૧૪.૮૩ ટકા અને પુલવામામાં સૌથી ઓછું ૯.૧૮ ટકા મતદાન નોંધાયું હતું. આ તબકકામાં ૨૧૯ ઉમેદવારોનું ભાવિ મતદારો નકકી કરશે. પ્રથમ રાઉન્ડમાં જયાં મતદાન થઈ રહ્યું છે તેમાં અનંતનાગની સાત બેઠકો, પુલવામામાં ચાર, કિશ્તવાડ, કુલગામ અને ડોડામાં ત્રણ-ત્રણ અને રામબન અને શોપિયાં જિલ્લાની બે-બે બેઠકોનો સમાવેશ થાય છે. કાશ્મીરની ૧૬ અને જમ્મુની ૮ વિધાનસભા બેઠકો પર આજે મતદાન થવાનું છે.

## હાઈવેના ખરાબ રસ્તાઓ બાબતે કોન્ટ્રાકટરોને બ્લેકલીસ્ટ કરવા નિતીન ગડકરીની ચેતવણી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશભરમાં અનેક ભાગોમાં રસ્તાઓની ખરાબ-ભંગાર હાલત સામે પરિવહન મંત્રી નીતીન ગડકરીએ કોન્ટ્રાકટરોને ચેતવણી આપી છે. રસ્તાઓનું યોગ્ય મેઈનટેનન્સ ન કરવા બદલ કોન્ટ્રાકટર એજન્સીઓને બ્લેકલીસ્ટ કરવા તથા બેંક ડીપોઝીટ જપ્ત કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

તેઓએ કહ્યું કે, ખરાબ પ્રદર્શન કરનારા અધિકારીઓ તથા બ્લેકલીસ્ટેડ કોન્ટ્રાકટરોનો પણ રેકોર્ડ રાખવામાં આવશે. નબળા રસ્તા બનાવનારા કોન્ટ્રાકટરોને છોડવામાં નહિ આવે.બેંક ગેરેટી જપ્ત કરીને પછી તેઓને નવા કોઈ કામ આપવામાં નહી આવે. એકસપ્રેસ વેની ખરાબ હાલત જોઈને તેઓ વિફર્યા આ રસ્તાની યોગ્ય જાળવણી થવી જોઈએ અન્યથા કોઈને જાળવણી થવી જોઈએ અન્યથા કોઈને છોડવામાં નહિં આવે.

પરિવહન મંત્રાલયનાં ત્રણેય પ્રધાનો હાઈવે પર નિકળીને ચકાસણી કરશે અને જાળવણી નહી કરનારા કોન્ટ્રાકટરો વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરીને હાંકી કાઢવામાં આવશે.

ફાઈલ પર વજન જેટલુ વધારે હોય તેટલી ઝડપથી તે આગળ ચાલે તેવુ વિધાન કરીને સરકારમાં ચાલતા ભ્રષ્ટાચાર વિશે ટકોર કરનારા કેન્દ્રીય પરિવહનમંત્રી નીતીન ગડકરીને ભારેખમ ટોલટેકસ વસુલાત વિશે પણ રસપ્રદ જવાબ આપ્યો હતો.

દિલ્હી-જયપુર હાઈવે ૧૯૦૦ કરોડમાં તૈયાર થયો હોવા છતાં ૮૦૦૦ કરોડનો ટોલટેકસ ઉઘરાવાયો? તેવા સવાલ પર ગડકરીએ કહ્યુ કે ઘણી વખત લોન લઈને કામ થતુ હોય છે. સામાન્ય દાખલો આવતા તેઓએ કહ્યું કે રોકડેથી કાર ખરીદવામાં આવે તો ૨.૫ લાખની મળે છે.પરંતુ ૧૦ વર્ષની લોન પર ખરીદાય તો ૫.૫ થી ૬ લાખ ચુકવવા



પડે છે.

ગડકરીએ એવો ગર્ભિત ઈશારો કર્યો હતો કે સિસ્ટમમાં પ્રમાણીકતાથી અને સારી રીતે કામ કરે છે તેને પ્રોત્સાહીત કરવામાં આવે છે. પરંતુ ખરાબ રીતે કામ કરનારાઓને હાંકી કાઢવામાં આવે છે તેઓનો ઈશારો ભ્રષ્ટાચારીઓ પર હોવાનું માનવામાં આવે છે. કેન્દ્રીય પરિવહનમંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે કચરામાંથી વિજળી અને ઈંધણનું ઉત્પાદન કરવામાં આવશે.ગાજીપુરમાં કચરામાંથી હાઈવે બનાવવામાં આવી જ રહ્યો છે.વિજળી તથા અન્ય પ્રકારનાં ઈંધણ બનાવવામાં તેના ઉપયોગ વિશે પણ અભ્યાસ ચાલી રહ્યો છે. ભારતમાંથી ઈલેકટ્રીક સ્કુટરની નિકાસની પણ સંભાવના છે. ભારતીય પરંપરાગત દ્વિચકી વાહનોની નિકાસ થાય જ છે. ઈલેકટ્રીક સ્કુટર નિકાસ પણ શકય છે.

## દશેરા-દિવાળીના તહેવારો પૂર્વે ૮૪,૪૦૦ કરોડના સોનાની જંગી આયાત

### ગત વર્ષની સરખામણીએ 'ડબલ'આયાતઃ એપ્રિલથી ઓગસ્ટના પાંચ માસમાં ૧,૮૯,૯૨૦ કરોડનું સોનું ભારતમાં ઠલવાયુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દશેરા-દિવાળીના તહેવારો પૂર્વે સોનુ ફરી વખત લાઈમલાઈટમાં છે.ઓગસ્ટ મહિનાનાં ૮૪૪૦૦ કરોડ રૂપિયાના સોનાની આયાત થઈ હતી જે ગત વર્ષનાં ઓગસ્ટમાં ૪૦૮૮૨ કરોડની સરખામણીએ ડબલ કરતા પણ વધુ હતુ.આયાત જકાત ઘટાડાના તથા આગામી તહેવારોની ડીમાંડ વધવાના આશાવાદથી મોટી આયાત થઈ હતી.

કેન્દ્ર સરકારનાં વાણીજય વિભાગ દ્વારા આયાતનાં સતાવાર આંકડા જારી કરવામાં આવ્યા હતા જે મુજબ ઓગસ્ટમાં ૮૪૪૦૧.૩૧ કરોડનુ સોનુ આયાત થયુ હતું. તેમાં ૧૦૬.૪ કરોડનો રેકોર્ડબ્રેક વધારો થયો હતો. સરકારે જુલાઈમાં રજુ થયેલા બજેટમાં આયાત જકાત ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી નાખી હતી તેનો સીધો પ્રભાવ પડયો હતો.

વાણીજય સચીવ સુનિલ વડઆલે કહ્યું કે સોનાની દાણચોરી રોકવા માટે આયાત જકાતમાં ઘટાડો કરાયો હતો. તહેવારોની સીઝનમાં ખરીદી વધવાનાં આશાવાદથી જવેલર્સોએ સ્ટોક કરવાનું શરૂ કરતાં આયાતમાં વધારો થયો છે.

ચાલૂ નાણા વર્ષમાં એપ્રિલથી ઓગસ્ટમાં સોનાની આયાતમાં સરેરાશ ૨૭.૧ ટકાની વૃધ્ધિ થઈ છે અને આ દરમ્યાન ૧,૮૯,૯૨૦ કરોડના સોનાની આયાત થઈ છે જે ગત વર્ષનાં આ ગાળામાં ૧,૪૯,૪૨૯ કરોડની હતી.

સોના ઉપરાંત ચાંદીની



આયાતમાં પણ મોટો વધારો થયો છે. ઓગસ્ટ મહિનામાં ચાંદીની આયાત ૧૧૦૩૮.૬૫ કરોડની થઈ હતી. જે ઓગસ્ટ ૨૦૨૩ માં માત્ર ૧૩૧૭ કરોડની હતી કુલ ૭૩૮.૧૬ ટકાનો ધરખમ વધારો થયો છે. એપ્રિલથી ઓગસ્ટના પાંચ મહિનાની કુલ આયાત ૪૩૩.૮ ટકા વધીને ૧૬૪૫૧ કરોડની રહી છે જે ગત વર્ષે ૩૦૮૨ કરોડની હતી.

ભારતની કુલ આયાતમાં સોનાનો હિસ્સો પાંચ ટકાથી વધુ છે. મુકત વ્યાપાર કરાર હેઠળ યુએઈ જેવા દેશોમાંથી વધતી આયાત સામે ચિંતા વ્યકત કરવામાં આવી રહી છે.કારણ કે હાલ પાંચ ટકા ડયુટીથી આયાત થાય છે. તેમાં બે ટકા પ્લેટીનમ ઉમેરીને આયાત થાય તો આવતા વર્ષમાં ડયુટી ઝીરો થઈ જશે અને પરીણામે સરકારી તિજોરીને આવકનું મોટુ નુકશાન થશે.

ચીનની ચીજોનો બહિષ્કાર કરવાની ચળવળ વચ્ચે આ પાડોશી દેશમાંથી ભારતની આયાતમાં સતત વધારો થઈ રહ્યો છે. જયારે નિકાસમાં ઘટાડો છે.ઓગસ્ટમાં ચીનથી ૧૦.૦૮ અબજ ડોલરની આયાત થઈ હતી. જે ૧૫.૫૫ ટકાનો વધારો સુચવે છે.

## સુરતના ડિંડોલીમાં નિર્દોષ વ્યક્તિને લાત મારનાર PIને 3 લાખનો દંડ

### ખોટી રીતે લોકોને લાત મારવી કેટલી મોંઘી છે તે પીઆઇને આજીવન યાદ રહેશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુરતના ડિંડોલીમાં એડવોકેટ હિરેન નાઈ કારમાં મિત્રો સાથે બેઠા હતા. ત્યારે ડિંડોલી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.જે. સોલંકીએ ત્યાં આવીને કંઈપણ પૂછ્યા વગર સીધા લાત મારવા લાગ્યા હતા અને એટ્રોસિટી થાય તેવા અપશબ્દો બોલ્યા હતા. આ ઘટના અંગે પોલીસે પીઆઈ સામે ફરિયાદ નોંધવા ઈનકાર કર્યો હતો. જેથી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ કેસમાં હાઈકોર્ટે કોઈપણ ગુના વગર નિર્દોષ વ્યક્તિને લાત મારનાર પીઆઈને ૩ લાખનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે એવી પણ ટકોર કરી હતી કે, ખોટી રીતે લોકોને એક લાત મારવી કેટલી મોંઘી છે તે પીઆઈને આજીવન યાદ રહેવું જોઈએ. ભવિષ્યમાં પણ તેને કોઈ માણસ પર હાથ કે પગ ઉપાડતા લાતનો દંડ યાદ આવશે. પોલીસ ભલે દબાણમાં કામ કરે છે પરંતુ તેનો મતલબ સત્તાનો દુરુપયોગ કરવાની છૂટ નથી. પીઆઈએ ન્યાયતંત્ર વિશે જાહેરમાં અશોભનીય શબ્દો કહ્યા હોવાની રજૂઆત થતાં કોર્ટે ટકોર કરી હતી કે, આવા પીઆઈ સામે સરકાર પગલાં કેમ લેતી નથી? જસ્ટિસ નિર્ઝર દેસાઈએ ચાલુ સુનાવણી દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારી પાસે પીઆઈ સામે શું પગલાં લેશો તે અંગે સૂચના મંગાવી હતી. ફરિયાદી એડવોકેટે હાઈકોર્ટમાં બનાવની રાત્રે ઘટના સ્થળના ફૂટેજ બતાવ્યા હતા. જે જોઈને હાઈકોર્ટે પીઆઈનો ઉધડો લેતા એવી ટકોર કરી હતી કે, તમે હીરો બનીને ફરો છો એટલે શું ગમે તે વ્યક્તિને કોઇ ગુના વગર મારવાના? કઈ પણ પૂછ્યા વગર કોઈને લાત કેવી રીતે મારી શકાય? જો પોલીસના આવા દમનને અત્યારે રોકવામાં નહીં આવે તો કાલે પોલીસ મને પણ કારણ વગર લાત મારી શકે છે. કોઈ સાચો આરોપી હોય તો પણ તેને પૂછ્યા વગર લાત મારી શકાય નહીં.હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે, પીઆઈ પોતાને ફિલ્મના હીરોની જેમ જીપમાંથી કૂદીને સીધા નિર્દોષ




વ્યક્તિને લાત મારે છે તે સીસીટીવી ફૂટેજમાં દેખાતો પુરાવો છે. પોતાને હીરો સમજતા પીઆઈને કોઈ સંજોગોમાં માફ કરી શકાય નહીં. પીઆઈએ સત્તાનો દુરુપયોગ કર્યો છે. અમેરિકામાં આ પ્રકારનો ગુનો બને તો પોલીસવાળા સામે શું થાય છે? તે તપાસી જુઓ. પીઆઈએ વકીલને નાર્કોટિક્સના ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપી હતી.

## થાણા જિલ્લાના ભિવંડીમાં ગણેશ વિસર્જન યાત્રામાં પથ્થરમારો થતા અજંપાભરી સ્થિતી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

થાણે જિલ્લાના ભિવંડીમાં ગણેશ વિસર્જન દરમિયાન ભગવાન ગણેશની મૂર્તિ પર હિન્દુસ્તાની મસ્જિદ પાસે કેટલાક યુવકોએ મૂર્તિ પર પથ્થરમારો કરતા ભીડ ભડકી ગઈ હતી અને બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે હળવો લાઠી ચાર્જ કર્યો હતો અને કેટલાક લોકોની અટકાયત કરી હતી. આ અંગે વધુમાં મળતી જાણકારી મુજબ ગણેશની મૂર્તિ પર પથ્થરમારા મામલે એક યુવકને ભીડે પકડી લીધો હતો અને તેની પિટાઈ કરી હતી અને તેને પોલીસના હવાલે કરી દીધો હતો. મૂર્તિ ખંડિત થતા મંડળના લોકોએ માંગ કરી હતી કે જયાં સુધી પોલીસ બધા આરોપીઓને નથી પકડી લેતી ત્યાં સુધી મૂર્તિ વિસર્જન નહીં કરવામાં આવે.

ઘટનાની જાણ થતા મંડળના અન્ય લોકો પણ પહોંચી ગયા હતા અને તનાવ પેદા થયો હતો. જોત જોતામાં લોકોની ભીડ વધી જતા પોલીસે ઘટના સ્થળે પહોંચીને પોલીસે લોકોને સમજાવ્યા હતા પોલીસે હળવો લાઠીચાર્જ પણ કરવો પડયો





હતો. ઘટનાસ્થળે ભાજપ ધારાસભ્ય પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા. તેમણે કાર્યવાહીની માંગ કરી હતી. આ દરમિયાન હાફિઝ દરગાહ પર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. ત્યારબાદ ઘટના સ્થળે મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી હતી. કેટલાક લોકોની અટકાયત કરાઇ છે. એડીશ્નલ કમિશ્નર ચવ્હાણે જણાવ્યું હતું કે જે પણ દોષી હશે તેમની સામે કાર્યવાહી થશે.

## ૧૦ કરોડથી વધુ કમાણી કરનારા ભારતીય નાગરિકોની સંખ્યામાં સતત વધારો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં એકબાજુ ગરીબી અને બેકારીમાં સતત વધારો થઈ રહ્યો છે, તો બીજી બાજુ દેશમાં દરવર્ષે કરોડપતિ બનનારાની સંખ્યા કુદકેને ભૂસકે વધી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જે દર્શાવે છે કે, દેશમાં ગરીબ અને ધનિક વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે. સેન્ટ્રમ ઈન્સ્ટીટ્યૂશનલ રિસર્ચે તાજેતરમાં જારી કરેલા રિપોર્ટ અનુસાર, વાર્ષિક ધોરણે ૧૦ કરોડથી વધુ કમાણી કરનારાની સંખ્યા ૨૦૦૩૪ વધી છે. અર્થાત દરવર્ષે ૪૦૦૦ લોકો ૧૦ કરોડથી વધુ કમાણી કરી રહ્યા છે, પરિણામે દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ કરોડથી વધુ કમાણી કરનારાની સંખ્યા ૬૪ ટકા વધી ૩૧૮૦૦ થઈ છે.

સેન્ટ્રમ ઈન્સ્ટીટ્યુશનલ રિસર્ચ અનુસાર, દેશમાં પાંચ કરોડથી વધુ કમાણી કરનારાની સંખ્યા ૫ વર્ષમાં દોઢગણી વધી છે. હાલ ૫૮૨૦૦ લોકો ૫ કરોડથી વધુ કમાઈ રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન લોકોની આવક વાર્ષિક ધોરણે ૧૦૬ ટકા વધી કુલ રૂ. ૪૦ લાખ કરોડે પહોંચી છે. જે દર્શાવે છે કે, ભારત કોવિડ મહામારીમાંથી ઝડપથી ઉભરી આવ્યો છે.

છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ કરોડથી વધુ કમાણી કરનારાની કુલ આવક ૧૨૧ ટકા વધી રૂ. ૩૮ લાખ કરોડ થઈ છે. વાર્ષિક ૫૦



લાખ કે તેથી વધુ કમાણી કરનારાની સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં ૨૫ ટકા વધી ૧૦ લાખ થઈ છે.

રિપોર્ટ અનુસાર, દેશના હાઈ નેટવર્થ ધરાવતા લોકોની આવક ૨૦૨૮ સુધી વાર્ષિક ધોરણે ૧૪ ટકાના દરે વધવાનો આશાવાદ છે. જે વધી ૨.૨ લાખ કરોડ ડોલરે પહોંચશે. કમાણીમાં વૃદ્ધિ થવા પાછળનું કારણ લોકો હવે નોકરીના બદલે બિઝનેસ તરફ ડાયવર્ટ થયા હોવાનું છે. જો કે, દેશમાં માત્ર ૧૫ ટકા લોકો જ પોતાની નાણાકીય સંપત્તિને પ્રોફેશનલની મદદથી મેનેજ કરે છે. જ્યારે વૈશ્વિક સ્તરે આ આંકડો ૭૫ ટકા છે.

## લેબનાન પાટનગર બૈરૂતમાં પેજર વિસ્ફોટ થી ૯ના મોતઃ ૨૮૦૦ ઘાયલ

### ઈઝરાયલની જાસુસી એજન્સી મોસાદ અને સૈન્યનું સંયુકત ઓપરેશન હોવાનો દાવો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લેબનાનના પાટનગર બૈરૂત અને દેશના અન્ય ભાગોમાં ગઈકાલે રાત્રે થયેલા સેંકડો પેજર વિસ્ફોટમાં ૯ લોકોના મોત થયા છે અને ૨૮૦૦ લોકો ઘાયલ થયા છે અને તેની પાછળ ઈઝરાયલની ભૂમિકા હોવાનું બહાર આવ્યું છે જયારે મૃતકોમાં એક નાની બાળકી પણ સામેલ છે અને ઈરાનના રાજદુત મોજતવા અમાની પણ પેજર વિસ્ફોટમાં ઘાયલ થયા છે. ગઈકાલ સાંજથી બૈરૂતમાં અને તેની આસપાસમાં એકીસાથે સેંકડો પેજરમાં વિસ્ફોટ થયો હતો અહીં હિઝબુલ્લાના લડવૈયાઓ કે જે આંતરીક કોમ્યુનિકેશન માટે પેજરનો ઉપયોગ કરે છે તે મુખ્યત્વે ટાર્ગેટ હોવાનું બહાર આવ્યું છે. આ પેજર એટેકને હિઝબુલ્લાની સુરક્ષા વ્યવસ્થામાં સૌથી મોટી ઘુષણખોરી હોવાનું માનવામાં આવે છે. લેબનનાના સરકારે દેશના તમામ લોકોને પેજરનો ઉપયોગ બંધ કરવા પણ આદેશ આપ્યો છે.

આ વાયરલેસ ઈકયુપમેન્ટ આ રીતે હુમલાનું માધ્યમ બની શકે છે તે પ્રથમ વખત બહાર આવ્યું છે. લેબનાન સરકારના જણાવ્યા મુજબ પાડોશી સીરીયામાં પણ પેજરના વિસ્ફોટ થયા હતા અને ૧૪ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. મોબાઈલ યુગના આગમન પહેલા વન વે કોમ્યુનિકેશન માટે વિશ્વભરમાં પેજરનો ઉપયોગ વ્યાપકપણે થતો હતો અને તેમાં એક તરફી સંદેશા મોકલી શકાય છે. મોટા ભાગના લોકો જેઓ ઈજાગ્રસ્ત બન્યા પોતાની કમરમાં પેજર ટીંગાળ્યા હતા અથવા તો તેના ખિસ્સામાં રાખ્યા હતા અને પેજરની સિસ્ટમ હેક કરીને તેમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. હિઝબુલ્લાના લડવૈયાઓ તેમના મોબાઈલ ફોન ટ્રેસ ન થાય તે માટે પેજરનો ઉપયોગ કરે છે અને આ હુમલા પાછળ ઈઝરાયલની ભૂમિકા અંગે પ્રશ્ન ઉભા થયા છે.બીજી તરફ એ ધડાકો થયો છે કે ઈઝરાયલની જાસુસી એજન્સી મોસાદ અને તેના સૈન્યનું આ સંયુકત ઓપરેશન છે જે પેજરમાં વિસ્ફોટ થયા તેમાં રીમોટ કંટ્રોલથી વિસ્ફોટ કરી શકાય તેવા ડિવાઈસ ઉત્પાદન સમયે જ ગોઠવી દેવામાં આવ્યા હતા. તાઈવાનની કંપની ગોલ્ડ એપોલો દ્વારા તેની આ બ્રાન્ડના પેજરનું ઉત્પાદન યુરોપના એક દેશમાં તેના એક માન્ય ડિસ્ટ્રીબ્યુટર મારફત થયું હોવાનું સ્વીકાર્યુ છે.ગોલ્ડ એપોલો એઆર-



૯૨૪ મોડલનું આ પેજર અંગે તાઈવાનની કંપનીએ જાહેર કર્યુ છે કે યુરોપીયન કંપની જ તેની પેજર અને અન્ય કોમ્યુનિકેશન પ્રોડકટ આયાત કરે છે અને આ જ કંપનીએ તાઈવાનની આ બ્રાન્ડ નેમનો ઉપયોગ તેના પેજર માટે કરવા મંજૂરી માંગી હતી. હાલમાં હિઝબુલ્લાએ ગોલ્ડ એપોલો કંપનીએ પાંચ હજાર પેજરનો ઓર્ડર કર્યો હતો અને રીમોટ કંટ્રોલથી પેજરને કોડ મોકલવામાં આવ્યો હતો. હિઝબુલ્લાના વિડીયોમાં જોઈ શકાય છે કે લોકો જયાં ઉભા હતા ત્યાં અચાનક પેજરમાં વિસ્ફોટ થયો હતો અને તેના પેટ અને છાતીના ભાગમાં વધુ ઈજા થઈ હતી.

# મોરબીમાં ખખડધજ રસ્તા નવા બનાવવા સામાજિક કાર્યકરોએ કરી માંગ

## મુખ્યમંત્રીને કરવામાં આવેલ લેખિત અરજીમાં ધારાસભ્ય ઉપર શાબ્દિક પ્રહારો કર્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં આવેલ ખખડધજ રોડ રસ્તા જેમાં સ્ટેશન રોડ તેમજ જડેશ્વર રોડ, ચીત્રકુટ સિનેમા રોડ અને કબ્રસ્તાનવાળો રોડ તથા દરબારગઢથી ગ્રીનચોક અને ગીનચોક થી નહેરૂગેઈટ ત્યાંથી જુના બસસ્ટેન્ડ સુધીના તમામ રોડ-રસ્તા સંપુર્ણ નાશ પામેલ હોય તે નવો બનાવી આપવા બાબતે મોરબીના સામાજિક કાર્યકરો દ્વારા રાજ્યના મુખ્યમંત્રી, જીલ્લા કલેકટર, નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ મોરબી ધારાસભ્યને વેપારીઓ તેમજ આમ જનતા વતી લેખિત રજુઆત કરવામાં આવી છે. કેમ કે મોરબીના વેપારીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. અને હવે તો દુકાનોમાં પણ પાણા ઉડે છે એવી કપચીઓ નાખી દીધી છે. તેમજ વાહન ચાલકો છાસવારે આ બિસમાર રોડ રસ્તા ઉપર અકસ્માતનો ભોગ બનતા હોય છે. ત્યારે આ માટે અગાઉ પણ સ્થાનિક સત્તાધીશો તથા ધારાસભ્યને અરજી કરેલ હતી, પરંતુ કોઈ નિકાલ હજુ સુધી આવેલ નથી આથી સામાન્ય પ્રજા તથા વેપારીઓને ભોગવવી પડતી હાલાકી માટે સામાજિક કાર્યકરો દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી ખખડધજ રોડ-રસ્તા નવા બનાવી આપવા ની માંગ ઉઠાવી છે.

મોરબીના સામાજિક કાર્યકરો રાજુભાઈ દવે, ચિરાગભાઈ સેતા, જગદીશભાઈ, દેવેશભાઈ તથા મુસાભાઈ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈને લેખિત અરજી કરી જણાવ્યુ કે સામાન્ય બાબતમાં મુખ્યમંત્રી રજુઆત કરવામાં આવે છે મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ પણ પબ્લીકનું સાંભળતા નથી ત્યારે નાછૂટકે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવેલ છે જે શરમજનક બાબત છે. મોરબીમાં હવે ચીફઓફીસર કાયમી મુકાય ગયા છે તો શું આ અરજીને ચીફ ઓફીસર ધ્યાનમાં લઈને તાત્કાલીક પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરશે એવી પ્રજાજનોમાં વિશ્વાસ છે કેમ કે હાલ આગામી થોડા દિવસોમાં નવરાત્રી તથા દિવાળીના તહેવારો આવી રહ્યા ત્યારે વેપારીઓની દીવાળી સુધરશે કે પછી જે રીતે વેપારીઓ અને આમ જનતા જે રીતે હાલાકી ભોગવી રહી છે તેમ ચાલ્યે રાખશે? વધુમાં ધારાસભ્ય કાંતિભાઈ અગાઉ બહુ મોટી-મોટી વાતો કરતા હતા. ત્યારે હવે ચોમાસા બાદ ઉપરોકત તમામ રોડ-રસ્તા તાત્કાલીક નવા બનાવી આપો એવી વેપારીઓ તથા આમ જનતાની માંગ છે.

મોરબી માળિયા મત વિસ્તારના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા છેલ્લે વિધાનસભાની ચુંટણી વખતે જાહેર સભામાં બોલેલ કે વેપારી તથા પ્રજાને વચન આપેલ કે તમારા બધા કામો થઈ જશે હવે કાનાભાઈ ફરીથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ ચાર્જ સંભાળ્યા પછી આજે સારો એવો સમય વીતી ગયો અને હવે ટર્મ પણ પુરી થવાની તૈયારીમાં છે, તો પણ કાનાભાઈએ આપેલ વચન પુરા કરી શકેલ નથી તેથી આમ જનતામાં રોષની લાગણી ફેલાયેલી છે. હાલ પ્રજાને તથા વેપારીઓને એવું લાગે છે કે ધારાસભ્યને મોરબીના વિકાસના કામમાં રસ લાગતો નથી.

આ ઉપરોકત બાબતમાં જણાવેલ રોડ રસ્તા ઉપર મસમોટા ખાડાઓ પડી ગયેલ હોય જયાંથી ઘણા બધા લોકોની તથા વાહનોની અવર જવર થતી હોય જેમાં વાહન ખાડામાં જવાથી અકસ્માતની ઘટનામાં વાહન ચાલકોને ગંભીર ઈજાઓ થાય છે અને કયારેક મૃત્યુ થવાનો પણ ભય છે જેથી તાત્કાલીક ધોરણે આ રોડ-રસ્તાઓ ફરીથી સારી કક્ષાના બનાવવા નમ્ર વિનંતી છે. અને તાત્કાલીક ધોરણે જે મોટા ખાડાઓ રોડ ઉપર પડેલા છે ત્યાં મોરમ/કપચી નાખીને બુરી આપેલ છે તે નવા રોડ બનાવી આપવા શહેરવાસીઓની અને વેપારીઓની માંગણી છે. જેથી અકસ્માત થવાની સંભાવના ઓછી રહે અને જો આવો કોઈ બનાવ બને અને કોઈ વ્યકિતને ગંભીર પ્રકારે ઈજા કે મૃત્યુ થાય તો આ માટે જવાબદાર કોણ? જે મુજબ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી હતી.

# રસ્તા પર પડી ગયેલી રોકડ પરત અપાવતી પોલીસ

જામનગર શહેરમાં રહેતા યુવાનના પૈસા પડી જતાં તેણે પોલીસનો



સંપર્ક કરતા પોલીસે કેમેરાના આધારે પૈસા શોધી કાઢી યુવાનને પરત અપાવ્યા હતા જામનગરના ખંભાળિયા નાકા વિસ્તારમાં રવિવારે બપોરે રોડ પર ચલણી નોટ પડી ગયેલી જોવા મળતા કેટલાક રાહદારીઓએ તે રોકડ રકમ એકઠી કરી નજીકમાં આવેલી એક દુકાનમાં મૂકાવી હતી. તે પછી પોલીસને તેની જાણ કરવામાં આવતા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફે તે રકમ કોની પડી ગઈ? તેની તપાસ સીસીટીવી ફૂટેજના આધારે શરૂ કરી હતી.

તે દરમિયાન સાયકલ પર જઈ રહેલા એક યુવાનના ખિસ્સામાંથી ઉપરોક્ત રકમ પડી ગઈ હોવાનું અને તે પછી આ યુવાન બાઈક પર તેની શોધ કરતા હોવાનું જણાઈ આવતા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફે તે યુવાનને બોલાવી મંગાવ્યા હતા અને ખાતરી કર્યા પછી તેઓની રૂ.૧૩૦૦ની રોકડ પરત સોંપી હતી.

# મોરબીમાં એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત જેતપર ગામે ઓક્સિજન વનમાં ૨૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું

## વન વિભાગ દ્વારા સ્થળ પર ૧ હજારથી વધુ રોપાઓનું વિતરણ કરાયું

મોરબીમાં જેતપર ખાતે ૫એક પેડ માઁ કે નામથ અભિયાન અન્વયે ગામના છેવાડે આવેલા ઓકિસજન વનમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આજના સમયમાં વૃક્ષોની તાતી જરૂરિયાત, પર્યાવરણની સમતુલા જાળવવા તેમજ પ્રદૂષણના દુષણને નાથવાના હેતુથી ૫એક પેડ માઁ કે નામથ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. તે અભિયાન હેઠળ વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તેવા હેતુ સાથે મોરબીમાં જેતપર ગામે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મહાનુભાવોના હસ્તે તેમજ ગ્રામજનો દ્વારા ગામના છેવાડામાં આવેલા ઓક્સિજન વન ખાતે ૨૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપરાંત વન વિભાગ દ્વારા સ્થળ પર ૧ હજારથી વધુ વૃક્ષોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મોરબી જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, મોરબી માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, નાયબ વન સંરક્ષક ચિરાગ અમીન, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, મદદનીશ વન સંરક્ષક શૈલેષ કોટડીયા, મોરબી તાલુકા પંચાયતના પ્રમુખ અશોકભાઈ દેસાઈ તેમજ તાલુકા પંચાયતના સભ્યો સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

# વાંકાનેર માંથી વર્લીફિચર્સના આંકડા રમતો શખ્સ પકડાયો

વાંકાનેર સીટી પોલીસે મીલ પ્લોટ ચોકમાં જાહેરમાં વર્લી ફિચર્સના આંકડા રમતા એક ઈસમને ઝડપી લેવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મીલ પ્લોટ ખાતે પહોંચતા જ્યાં જાહેરમાં વર્લીફિચર્સના આંકડાઓ એક કાગળમાં લખી નસીબ આધારિત પૈસાની હારજીતનો વર્લીમટકાનો જુગાર રમી રહેલ અસરફભાઈ દાઉદભાઈ પીપરવાડીયા ઉવ.૨૯ રહે.વાંકાનેર નવાપરા સંધી સોસાયટીવાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે ત્યારે પોલીસે પકડાયેલ આરોપી પાસેથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૩૫૦/–સહિતનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

# વાંકાનેરમાં બેલાની ખાણમાં કામ કરતી વેળા વીજશોક લાગતા શ્રમિક યુવકનું મોત

વાંકાનેર તાલુકાના જામસર ચોકડી નજીક આવેલ બેલાની ખાણમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યના વતની નીરજકુમાર વિજયકુમાર ગૌતમ ઉવ.૩૦ ગઈકાલ તા.૧૭/૦૯ના રોજ ઉપરોક્ત બેલાની ખાણમાં કામ કરતા હોય ત્યારે અચાનક અકસ્માતે વીજશોક લાગતા શ્રમિક યુવાનનું મૃત્યુ નીપજ્યું હતું. જેથી તેમની ડેડબોડી વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અકાળે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર પરિણીતા પર સાસરિયાઓએ ત્રાસ ગુજાર્યો

જામનગર શહેરમાં શંકરટેકરી વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતાને તેણીના સાસરિયાઓએ ત્રાસ ગુજાર્યો હતો. તેણીના ચાર વર્ષના પૂત્ર સાથે પતિ છેલ્લા એક માસથી લાપતા બની ગયો છે. પોતાના પૂત્રને શોધવા માટે સસરાના ઘેર ગયેલી પરિણીતા પર સાસુ સસરા અને જેઠે પેટ્રોલ છાંટ્યું હતું અને સળગાવવાનો પ્રયાસ થાય તે પહેલાં પરિણીતા ત્યાંથી નીકળી ગઈ હતી અને સિટી સી.પોલીસ મથકે આવીને સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે સાસુ, સસરા અને જેઠ સહિતના ત્રણેય આરોપીઓની અટકાયત કરી છે.જામનગરમાં શંકરટેકરી વિસ્તારમાં રહેતી શહેનાઝબેન વસીમભાઈ ખફી નામની ૨૫ વર્ષની મુસ્લિમ પરિણીતા કે જેનો પતિ વસીમ એકાદ માસ પહેલા ચાર વર્ષના પૂત્ર ઓસમાણને લઈને ક્યાંક લાપત્તા બની ગયો છે. જે અંગે શહેનાઝ બેને અગાઉ સીટી સી. ડિવિઝન પોલીસમાં ગુમ નોંધ પણ કરાવી હતી. પોલીસની તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું, કે વસીમે શહેનાઝ બેન સાથે બીજા લગ્ન કર્યા છે. જેના પ્રથમ લગ્ન થકી કોર્ટ કેસ ચાલી રહ્યો છે અને કોર્ટમાં તેને હાજર થવું ન પડે, તે માટે પૂત્ર સાથે લાપતા બન્યા છે.તે પુત્રની શોધખોળ માટે ગઈકાલે બપોરે ૧ પોતાના સસરા હાજીભાઈ ઓસમાણભાઈ ખફીના ઘેર ગઈ હતી. જ્યાં ઝઘડો થયા પછી સસરા હાજીભાઈ, સાસુ ઝુબેદાબેન અને જેઠ આસિફ ભાઈ હાજીભાઈ ખફી કે જે તમામે તકરાર કરીને પેટ્રોલ છાંટી દીધું હતું, જેને સળગાવી દેવાનો પ્રયાસ થાય તે પહેલાજ તેણી ત્યાંથી નીકળી ગઈ હતી, અને જામનગરના સીટી સી. ડિવિઝન નો સંપર્ક સાધ્યો હતો, અને પોતાના સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના અંતર્ગત સીટીથસીથપોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.ડી ગોહિલે ત્રણેય સાસરિયાઓ સામે ગુનો નોંધ્યો છે અને સસરા હાજીભાઈ, સાસુ ઝુબેદાબેન અને જેઠ આશિફભાઈની અટકાયત કરી લીધી છે, જ્યારે પતિ વસીમ ની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# ટંકારાના છત્તર ગામ નજીકથી બાઈક તથા દેશી દારૂનો જથ્થો મળી આવ્યો, આરોપી ફરાર

ટંકારાના છત્તર ગામ નજીક આવેલ કારખાનાની પાછળ બાઈક ઉપર દેશી દારૂનો વેપલો કરતા હોવાની બાતમીને આધારે પોલીસે રેઈડ કરતા બાઈક તથા દેશી દારૂનો જથ્થો રેઢો મૂકી રાજકોટના ગ્રામ્ય પંથકનો આરોપી સ્થળ ઉપરથી નાસી ગયો હતો. ટંકારા પોલીસ ટીમ છત્તર ગામે આવેલ ચેકપોસ્ટે વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળેલ કે છત્તર ગામ નજીક ફનવર્ડ કારખાનાની પાછળ રાજકોટના જલીયા ગામનો વિપુલભાઈ બાઈક ઉપર પ્લાસ્ટિકનું બાચકું રાખી દેશી દારૂનું વેચાણ કરતો હોય જેથી મળેલ બાતમી મુજબના સ્થળે રેઈડ કરતા ઉપરોક્ત સ્થળેથી હીરો હોન્ડા કંપનીનું બાઈક રજી.નં. જીજે–૦૩–એક્યુ–૫૪૭૧ તેની ઉપર પ્લાસ્ટિકનું બાચકું રેઢું મળી આવ્યું હતું. જેથી પ્લાસ્ટિકના બાચકાની તલાસી લેતા તેમાં કુલ ૧૮ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આથી ટંકારા પોલીસે બાઈક તથા દેશી દારૂનો જથ્થો કબ્જે લઈ આરોપી વિપુલભાઈ નારૂભાઈ વાજેલીયા રહે.જલીયા ગામ તા.જી રાજકોટ ગ્રામ્યવાળાને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જય જવાન જય કિશનના હૂંકાર સાથે 30 ગામના ધરતી પુત્રો કરશે મુખ્યમંત્રીને રજુઆત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાલાર વિભાગ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ ખેડૂત સંકલન સમિતી ના બેનર હેઠડ બાલંભા ગામે પ્રમુખ દિલીપભાઈ પરમારની આગેવાનીમાં જામનગર જિલ્લાના જોડિયા નજીક આજી-૪ ડેમના પુરથી નીચાણ વાળા ગામો મોરાણા, માધાપર, સામપર, હિરપર, બાલંભા, રણજિતપર, જામસર, ભીમક્ટા, ઉપરવાસના ગામો બોડાકા, જસાપર, જીરાગઢ, મેઘપર, પીઠડ, રસનાળ, ટીંબડી, સહિત ૩૦ જેટલા ગામના ખેડૂતો હાલમાં અતિવૃષ્ટિ અને આજી-૪ ડેમના પુરથી નદીના કાંઠા ક્ષેત્રના ધોવાણને કારણે ભારે આથીક સંકટનો સામનો કરી રહ્યા છે. ચાલુ વર્ષે ઓગસ્ટમાં થયેલા અતિવૃષ્ટિને કારણે આજી-૧, આજી-૨, આજી-૩, આજી-૪ ડેમ ઓવરફ્લો થતાં, તેનું પાણી ખેતરોમાં પ્રવેશી ગયું હતું. આના કારણે ખેડૂતોના મુખ્ય પાકો જેવા કે મગફળી, કપાસ, એરંડા, તુવેર ,અડદ, અને ગુવારને ભારે નુકસાન થયું છે. બાગાયતી પાકો પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે. આજી-૪ ડેમના પુરથી નદીના કાંઠા ક્ષેત્રના ધોવાણને કારણે ત્રીસથી વધુ ગામોના ખેડૂતો મોટી સ્ખ્યામાં હજાર રહિયા હતાં. પોત પોરની જમીન ને થયેલા નુકશાન અગે મડેલી મિટિગમાં ધરતી પુત્રો પર આવેલ અતિવૃષ્ટિના મારાથી સરકાર માં યોગય રજુવાર કરી આજી-૪ ડેમના પુરથી નદી કાંઠા ક્ષેત્રના ધોવાણને કારણે થતા નુકશાન અગે નિરાકર્ણ લાવા માટે મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આવતા દિવસો માં ગાંધીનગર ખાતે ધરતી પુત્રોની મોટી સ્ખ્યાં માં વિસ્તૃત માહિત સાથે લેખિતમાં રજુવાત કરવામાં આવશે.

આ ઉપરાંત, હાલમાં જમીનોના સેઢા તૂટી ગયા છે. અને જમીનમાં ધોવાણ થવાથી વોકરા પડી ગયા છે. જમીનો પરથી બહારથી આવેલ માટી, પથ્થરો અને અન્ય કચરાના ઢગલા થઈ ગયા છે. આવી વિપત્તિ છેલ્લા વીસ વર્ષથી આ પાણી ના મારને અમે ખેડૂતો સહન કરતાં આવેએ છે, જેના કારણે ખેડૂતો પાસે પુનર્વસન માટે પૂરતું સાધન નથી. સરકાર દ્વારા બનાવેલ અધકચરા બંધ પાળા તૂટી જવાને કારણે સરકારી નાણાનો દુરૂપયોગ થયો છે અને ખેડૂતોની હાલત



કફોડી બની છે. ખેડૂતો સરકાર પાસેથી તાત્કાલિક સહાય, ધોવાણ થયેલ જમીનને સરખી કરવા માટે સાધન સામગ્રી, ખેતરો અને વાડીએ જવાના રસ્તાઓનું સમારકામ, આજી-૪ નદીના પટ વિસ્તારમાંથી રેતી કાઢવાની લીઝ બંધ કરવા, પાક અને જમીન ધોવાણની બાબતે સર્વે કરી નુકસાની મુજબ સહાય ચુકવવા, નદીમાં જતી રહેલ જમીન અને તણાઈ ગયેલ સાધન સામગ્રીનું વળતર આપવા વિનંતી કરી રહ્યા છે.

ખેડૂતોએ ઘણી આશાઓ સાથે મોંઘા ભાવના બિયારણ, ખેડ ખાતર કરી પાકની માવજત કરી પરંતુ આકાશી આફતને કારણે પાકને નુકસાની થતાં ખેડૂતોના તમામ ખર્ચ એળે જવા પામ્યા છે અને ખેડૂતો ક્યાંક મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે. હાલમાં પણ ડૂબેલા પાક જોઈ જાણે વરસાદી પાણીમાં ખેડૂતોની તમામ મહેનત પાણીમાં ડૂબતી હોય તેવા હૃદયદ્રાવક દશ્યો સર્જાયા છે અને ખેડૂતો હવે સરકાર પાસે સહાયની ગુહાર કરી રહ્યા છે.

ખેડૂતો જણાવી રહ્યા છે ઘણી આશાઓ સાથે વિવિધ પાકોનું મોટા ખર્ચ કરી વાવેતર કર્યું હતું કે સીઝન સારી જશે તો આવનાર તહેવાર સારા જશે પરંતુ વરસાદી પાણીમાં પાક ડૂબી જતા ખેડૂતોની તમામ આશાઓ પાણીમાં ડૂબતી જોવા મળી રહી છે.

# મોરબીમાં વર્ષ ૨૦૧૫માં છરી વડે થયેલા જીવલેણ હુમલામાં મદદગારી કરનાર આરોપીને પાંચ વર્ષની સજા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના રંગપર ગામે વર્ષ ૨૦૧૫ માં સામાન્ય બોલાચાલી બાદ ઝઘડાનો ખાર રાખી મોરબીના સામાકાંઠા વિસ્તારમાં રહેતા બે મિત્રો પૈકી એક આરોપીએ ફરિયાદીની આંખમાં મરચાની ભુકી છાંટી તેને પકડી રાખ્યો હતો જયારે બીજા આરોપીએ ફરિયાદીની ડોક, ચહેરા પર તેમજ માથામાં છરીના જીવલેણ ઘા મારી ગંભીર ઈજાગ્રસ્ત કર્યાના કેસમાં મોરબી સેસન્સ કોર્ટ દ્વારા મરચાની ભુકી છાંટી મદદગારી કરનાર આરોપીને પાંચ વર્ષની સખ્ત કેદ તથા ૧૦ હજારના દંડની સજા ફટકારી હતી. જ્યારે છરી વડે ઈજા પહોંચાડનાર આરોપીની ધરપકડ થઈ ન હોવાથી કોર્ટ દ્વારા ન્યાયયિક કાર્યવાહી આગળ ચલાવવા એકતરફી ચુકાદો આપી મુખ્ય આરોપીની ધરપકડ કરવા માટે કોર્ટ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યા છે.

કેસની ટુક વિગત મુજબ વર્ષ ૨૦૧૫ માં ૧૨ જાન્યુ. ના રોજ રંગપર ગામના રહેવાસી ચંદ્રસિંહ મેઘરાજસિંહ ઝાલાએ પોતાની જ્ઞાતિ વિશે ઘસાતું બોલનાર જીજ્ઞેશભાઈ પરષોત્તમભાઈ ચાઉ રહે. રામકૃષ્ણનગર બ્લોક નં. પી-૪ સાથે બોલાચાલી થયા બાદ બે થપ્પડ મારી હતી. જેનો ખાર રાખી આરોપી જીજ્ઞેશભાઈ ચાઉ તથા આરોપી પ્રિન્સભાઈ અરવિંદભાઈ વ્યાસ રહે. મોરબી-૨ ગુજરાત હાઉસિંગ બોર્ડવાળાએ ૧૨ જાન્યુ.૨૦૧૫ ના સાંજના ૮ વાગ્યે રંગપર ગામ નજીક આવેલ પેટ્રોલપંપ સામે ચંદ્રસિંહની આંખમાં પ્રિન્સભાઈએ મરચાની ભુકી છાંટી તેમને પકડી રાખ્યા હતા.



તે દરમિયાન જીજ્ઞેશભાઈએ છરી વડે ડોકમાં, ચહેરા ઉપર તથા માથાના ભાગે મારી નાંખવાના ઈરાદે છરીના જીવલેણ ઘા મારી ચંદ્રસિંહને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે બનાવ બાદ ફરિયાદી ચંદ્રસિંહ દ્વારા બંને આરોપીઓ સામે તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી પ્રિન્સભાઈ વ્યાસની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરતા કર્યા બાદ જેલ હવાલે કરવામાં આવ્યો હતો જ્યારે મુખ્ય આરોપી જીજ્ઞેશભાઈની ધરપકડ થઈ ન હતી.

ત્યારે ઉપરોક્ત કેસ મોરબી સેસન્સ કોર્ટમાં ચાલી જતા ન્યાયયિક કાર્યવાહી આગળ ચલાવવા સેસન્સ કોર્ટ દ્વારા ૧૫ મૌખિક અને ૨૧ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ તેમજ સરકારી વકીલ વિજયભાઈ જાની ની કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી આ કેસમાં હાજર આરોપી પ્રિન્સભાઈ અરવિંદભાઈ વ્યાસને તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સખત કેદ તથા ૧૦ હજારના દંડની સજા ફરકારવામાં આવી હતી. જ્યારે મુખ્ય આરોપી જીજ્ઞેશભાઈ પરષોત્તમભાઈ ચાઉની આ કેસમાં તાત્કાલિક ધરપકડ કરી આગળની ઘટિત કાર્યવાહી કરવા તાલુકા પોલીસને આદેશ કરવામાં આવ્યો છે.

# જામનગરમાં સોજીના પેકેટમાંથી ઈયળ નીકળી હોવાની ફરિયાદઃ નમૂના લેબમાં મોકલાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગર પાલિકાના કમિશ્નરની સુચનાથી મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા રાજ્ય સરકારની ડ્રાઈવ હેઠળ સરકારી ગોડાઉનમાં તપાસ, તેમજ પાન મસાલા ખાસ અલગ-અલગ વિસ્તારમાંથી કુલ ૫ ખાદ્ય પદાર્થના નમૂના લઈ પરીક્ષણ અર્થે ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરા ને મોકલવામાં આવ્યા છે. જેમાં જામનગરના ગ્રેઈન માર્કેટના જગદીશચંદ્ર એન્ડ કંપની માંથી કેસરયુકત પાન મસાલા (વિમલ બ્રાન્ડ), બેડેશ્વરના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ માંથી બાજરો (લુઝ), તુવેરદાળ, ઘઉં અને ચોખા નાં નમૂના લેવામાં આવ્યા હતા. તે ઉપરાંત ફરીયાદમાં જણવ્યા અનુસાર સોજી શ્રી વલ્લભ બ્રાન્ડ કું.નું ૫૦૦ ગ્રામનું પેકેટ ઘરે તોડતા તેમાંથી જીવાત/ઈયળ જોવા મળતા અત્રેની ફૂડ શાખાને ફરીયાદ કરતાં એફ.એસ.ઓ. દ્વારા ગ્રેઈન માર્કેટ માં



આવેલ ઠક્કર એન્ડ કંપની માં રૂબરૂ તપાસ કરતાં વલ્લભ બ્રાન્ડ કં પેક સોજી ૫૦૦ ગ્રામ નો નમુનો તથા ઈગલ બ્રાન્ડ કં પેક ૫૦૦ ગ્રામ સોજી ના નમુના ઓ લઈ ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરાને મોકલવાની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ હાપા ગણેશ પંડાલ માં થયેલ ફૂડ પોઈઝનિંગ બાબતે જામનગર મહાનગરપાલિકા ના એફ.એસ.ઓ. દ્વારા રૂબરૂ તપાસ કરી પીરસવામાં આવેલ વઘારેલા ભાત અને છાસ ના નમુના લઈ તેમજ લંઘવાડ ના ઢાળીયે આવેલ બજરંગ ડેરી ફાર્મ માંથી છાસ નો નમુનો લઈ ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરા ખાતે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત અઠવાડિયા દરમિયાન મળેલ ઓનલાઈન તેમજ ટેલીફોનીક/ ઓફલાઈન ફરીયાદ નો નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લા સેવા સેતુ કાર્યક્રમના મળી રહ્યા છે હકારાત્મક પ્રતિભાવ



જામનગર ધ્રોલ તાલુકાના ફલ્લા ગામેથી આજરોજ તારીખ ૧૭ સપ્ટેમ્બરના જિલ્લા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં સ્થળ પર જ અરજદારોને તેમના પ્રશ્નોનો સંતોષકારક જવાબ આપવામાં આવે છે. રાજ્ય સરકારશ્રીની વિવિધ ૫૫ જેટલી સેવાઓનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી અરજદારોને એક જ સ્થળ પર આવવા જવાનું રહે છે અને તેમનો સમય, શ્રમ અને નાણાંનો બગાડ ના થાય.ફલ્લા ગામના રહેવાસી દિપીબેન ચૌહાણે સેવા સેતુ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે, અમારે દાખલા કઢાવવા માટે જામનગર ધક્કો ખાવાની જરૂર પડી નથી. કારણ કે અત્રે સ્થળ પર જ કર્મચારીઓ દ્વારા સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું છે. જેથી અમારા સમય, શ્રમ અને નાણાંની બચત થઈ છે. તેમજ કર્મચારીઓ દ્વારા ખુબ જ સરળતાપૂર્વક સર્વે ગ્રામજનોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. અંતમાં આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ તેણીએ જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઘઉંની ૪૦ બોરીનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

- ટીંબી પોલીસે બે શખ્સોની અટકાયત કરી ૧.30 લાખનો મુદ્દામાલ કબજે લીધો

રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના ગીર સોમનાથ

**મુખ્ય સમાચાર,ઉના**

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તેમજ સાવરકુંડલા મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધએ ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો શક પડતો મુદ્દામાલની થતી હેરફેર/વેચાણ સંબંધી ગુન્હાઓ શોધી આરોપી પકડી પાડી યોગ્ય કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે નાગેશ્રી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર પી.વી.પલાસ તથા પોલીસ સ્ટાફ દ્વારા તા.૧૬ના શરૂ રાત્રીના બંદોબસ્ત/પેટ્રોલીંગ



દરમિયાન બાતમી હકીકત આધારે ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો શક પડતો મુદ્દામાલ ઘઉંની બોરીઓ ટેમ્પોનં. જીજે/૦૮/૧૫૬૬૮ માં ભરી મળી આવેલ હોય જે ઘઉંની બોરીઓ ટેમ્પામાં ભરેલ તે ગણતરી કરી જોતા કુલ-૪૦ બોરીઓમાં ઘઉં ભરેલ છે. જે એક બોરીમાં ૫૦ કિલો ઘઉં ભરેલ છે. જેથી કુલ-૪૦ બોરીઓમાં કુલ ૨૦૦૦ કિલો ઘઉં મળી આવેલ. જે ઘઉંનો જથ્થો મજકુર ઈસમોએ કોઈપણ આધાર પુરાવા વગર પોતાના કબ્જામાં રાખી હેરફેર કરી મળી આવેલ જેથી આ ઘઉંનો જથ્થો ચોરી અથવા ચળકપટથી મેળવેલ હોવાનું જણાતા અને આ ઘઉંનો જથ્થો શકપડતો મુદ્દામાલ હોવાથી એક કિલ્લો ઘઉંની કીમત રૂપિયા ૧૫ લેખે ૨૦૦૦ કિલ્લો ઘઉંની કીમત રૂપિયા ૩૦,૦૦૦ તથા ફોર વ્હીલ ટેમ્પો કીમત રૂપિયા ૧,૦૦,૦૦૦ મળી મુદ્દામાલ રૂપિયા ૧.૩૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતા મુસ્તાકભાઈ ઉર્ફે બાપુ જુમાશા પઠાણ તથા આરીફશા સુલેમાનશા ક્નોજીયાને પકડી પાડી ઈ.ગ.જ.જ. ૭.૩૫ (૧)ઈ, ૧૦૬ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# શહેરમાં ડેન્ગ્યુના ૨૯ કેસ, સૌથી વધુ હાઈરાઈઝ બિલ્ડિંગમાં રોગનો પ્રસાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મચ્છરજન્ય રોગચાળો બેફામ બન્યો છે. એક સપ્તાહમાં ૨૯ કેસ સામે આવ્યા છે જે વર્ષનો સૌથી વધુ આંક છે. આ તમામ કેસ તો આરટીપીસીઆર રિપોર્ટના નોંધાયેલા છે આ સિવાય રેપિડ કાર્ડ પોઝિટિવ હોય અને સારવાર કરાતી હોય તેનો આંક સપ્તાહના ૩૦૦ને પાર છે.

રાજકોટ શહેરમાં જ્યાં પણ ડેન્ગ્યુના કેસ નીકળ્યા છે તેમાં સૌથી મોખરે હાઈરાઈઝ બિલ્ડિંગ છે અને બીજા ક્રમે કન્સ્ટ્રક્શન સાઈટ છે. હાઈરાઈઝ બિલ્ડિંગમાં લોકો પોતાના ઘરમાં અને બાલ્કનીમાં પાણીના કુંડા, ફૂલના કુંડા સહિતની વસ્તુઓ રાખે છે તેમજ એસીના આઉટડોર યુનિટ પણ બાલ્કનીમાં હોય છે. આ બધી જગ્યાએ ચોખ્ખું પાણી એકઠું થતું હોય છે.

તેમજ ત્યાં જાગૃતિના અભાવે લોકો સફાઈ કરતા નથી. જેને લઈને એડિસ ઈજિપ્તી એટલે કે ડેન્ગ્યુ ફેલાવતા મચ્છર તેમાં ઈંડાં મૂકે છે અને એક જ સપ્તાહમાં આ મચ્છર પુખ્ત બનીને આસપાસના વિસ્તારોમાં પહોંચે છે અને ત્યાં ફરી ઈંડાં મૂકે છે અને આ રીતે ચારેબાજુ ફેલાય છે અને બાદમાં કરડીને ડેન્ગ્યુ સહિતના રોગચાળાનો ફેલાવો કરી રહ્યા છે. આ કારણે રોગચાળો કાબૂમાં લાવવો મુશ્કેલ બની રહ્યો છે.

મચ્છરજન્ય રોગને પગલે જ્યાં પણ રેપિડ કાર્ડ ટેસ્ટથી પણ પોઝિટિવ આવ્યા હોય ત્યાં મનપા કામગીરી કરવા પહોંચી જાય છે. એક સપ્તાહમાં ૫૦૫૯ ઘરમાં ફોગિંગ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અલગ અલગ કોમર્સિયલ અને રહેણાક મિલકતોમાં મચ્છરોના બ્રીડિંગની બેદરકારી તપાસ કરવામાં બહાર આવી હતી. જેને પગલે ૩૪૫ કોમર્સિયલ અને ૧૦૪ રહેણાક મિલકતને નોટિસ અપાઈ છે તેમજ ૩૬૭૦૦ રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે.



# રાજકોટ, વડોદરા સહિતના દેશભરના ૭ શહેરોમાં ક્લાઈમેટ રેસિલિયન્ટ સિટી એક્શન પ્લાનનું લોન્ચિંગ થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી તોખાન શાહુની ઉપસ્થિતિમાં રાજકોટ, કોઈમ્બતુર, ઉદયપુર સહિતના ૦૭(સાત) શહેરો ક્લાઈમેટ રેસિલિયન્ટ સિટી એક્શન પ્લાનનું લોન્ચિંગ કરવામાં આવનાર છે. રાજકોટ શહેર માટે આ એક ખુબ જ ગૌરવપૂર્ણ બાબત છે.

ઈકલી સાઉથ એશિયા દ્વારા તા.૧૮ અને ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ આયોજિત મલ્ટી લેવલ એક્શન ફોર ક્લાઈમેન્ટ રેસિલીયન્ટ સિટીઝના વિષય અન્વયે કેપેસિટીઝ પ્રોજેક્ટ ફેઈઝ-૨ વર્કશોપમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, નાયબ મ્યુનિસિપલ કમિશનર સી.કે.નંદાણી, કોર્પોરેટર ડો.રાજેશ્રીબેન ડોડીયા, વર્ષાબેન રાણપરા ન્યુ દિલ્હી ખાતે ઉપસ્થિત રહી, ભાગ લીધેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ વિશેષ વિગતો રજુ કરતા જણાવે છે કે, સાતત્યપૂર્ણ શહેરી વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજકોટ મહાનગરપાલિકાએ ઈકલી સાઉથ એશિયા સાથે ભાગીદારી કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ પાર્ટનરો; જેમ કે, ઈકલી અને SDC ની મદદથી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. રાજકોટ શહેર અનેક પ્રોજેક્ટમાં સાતત્યપૂર્ણ પહેલ કરવામાં રાષ્ટ્રીય નેતૃત્વ કરતું રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા અને ઈકલી સાઉથ એશિયા દ્વારા સતત ક્રિટીકલ અર્બન સેક્ટર્સ જેવા કે, પર્યાવરણ, પબ્લિક ટ્રાન્સપોર્ટેશન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, એર ક્વોલિટી, વોટર સપ્લાય તથા ડ્રેનેજ મેનેજમેન્ટ માટે નેટ ઝીરો ટાર્ગેટ પર કામ કરવામાં આવી રહેલ છે.



# કેટરીંગના ધંધાથી એ દિલ્હીની યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચાર્યુ

રાજકોટમાં કેટરીંગ નો વ્યવસાય કરતા સકસે સાથે કેટરીંગનું કામ કરતી દિલ્હીની યુવતીને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ કર્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસમાં નોંધાયા બાદ સેકન્ડ પીઆઇ દેસાઈએ ગુનો નોંધી શખ્સની ધરપકડ કરી છે. રાજકોટ શહેરમાં કેટરીનો વ્યવસાય કરવા આવેલી ૩૧ વર્ષીય યુવતીએ સૌરાષ્ટ્રયુનિવર્સિટી પાસે આવેલ નીલ સીટી ક્લબ સ્કાય કેન્ડો મિલેનિયમ માં રહેતા અને કેટરિંગ નો વ્યવસાય કરતા અમિત ભગવાનજી ભાલોડીયા સામે એડવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આ સકસે તેણીને પ્રેમ જાળમાં ફસાવી તેની પત્નીને છૂટાછેડા આપી દઈ તેની સાથે લગ્ન કરશે તેમ વિશ્વાસમાં લઈ ખોટા વાયદા કરી અવારનેવાર લીમડા ચોક પાસે આવેલ કે રોજ હોટલ અને શહેરની અન્ય હોટલોમાં લઈ જઈ તેના પર છેલ્લા ત્રણ વર્ષથી વારંવાર દુષ્કર્મ આચરતો હોય તેવી ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસ મથકના સેકન્ડ પીઆઈ કે એસ દેસાઈ અને રાઈટર યોગેશભાઈ મકવાણા સહિતના સ્ટાફે ગુનો નોંધી તપાસ હાથ ધરી કેટરીનનો ધંધો કરતા અમિત ભાલોડીયા ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે

# હાથીખાનામાં બે જુથ વચ્ચે શસ્ત્ર ધીગાણું: સ્કોર્પિયો કારમાં નુકસાનઃ સામ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુંભારવાડામાં રહેતા અને મકાન લે વેચનું કામ કરતા દિવ્યેશ રમેશ પરમાર (ઉંમર વર્ષ ૨૦)એ જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે ૬ વાગ્યા આસપાસ કુંભારવાડા મેઈન રોડ પર અલ કાબા મસ્જિદ પાસે તેના મોટાબાપુનો દીકરો મંથન સ્કૂટર લઈને જતો હતો ત્યારે આરોપી અકિલ સબીર મકરાણીએ ક્તરાતી નજરે જોયું હતું. જેથી સાહેદો અને ફરિયાદી બાદમાં કેમ ક્તરાતી નજરે જોયું હતું પૂછવા ગયા હતા. ત્યારે અકિલ સાથે ઉભેલા ફરાઝ સલીમ ખલયાણી, અરમાન સુમરા, અફઝલ હાજી, મુસ્તાક હાજી અને તેની સાથેના એક અજાણ્યા શખ્સે અપશબ્દો કહી ફરિયાદીની સ્કોર્પિયો કારમાં લાકડાના ધોકા મારી કારના કાચ તોડી નુકસાન કર્યું હતું. સોડા બોટલના ઘા સ્કોર્પિયો ઉપર કર્યા હતા. જેમાં દિવ્યેશને આંગળીના ભાગે ઈજા થઈ હતી. સામા પક્ષે કરિયાણાની દુકાન ચલાવતા આકીલ સબીર મકરાણી (ઉંમર વર્ષ ૨૨ રહે કુંભારવાડા મેઈન રોડ) એ આરોપી અવધ ભરવાડ, તેનો ભાઈ દિવ્યેશ ભરવાડ, તેના કાકાનો દીકરો મંથન તેના મિત્રો અમિત ગોહિલ અને અજાણ્યા બે ઈસમો (રહે બધા હાથી ખાના) સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, દિવ્યેશ સાંજે ૬:૦૦ વાગ્યા આસપાસ કુંભારવાડા મેઈન રોડ ઉપર અલકાબા મસ્જિદ પાસે પોતાની સ્કોર્પિયો કાર લઈને આવ્યો હતો. કહ્યું હતું કે, તું મંથન સામુ કેમ જોતો હતો, આરોપીઓએ અપશબ્દો કહ્યા હતા. અને અલકાબા મસ્જિદ પાસેના ચોકમાં હતા ત્યારે આરોપીઓએ સોડાની કાચની બોટલો લઈને ફરિયાદી અને સાહેદો પાછળ દોડી બોટલોના છુટા ઘા કર્યા હતા. હાલ પોલીસે મુખ આરોપીઓને દબોચી લીધા છે અને રાઈટિંગ સહિતની કલમ હેઠળ ફરિયાદ દાખલ કરી છે.

# બેડી ગામના પુલ પાસે પોલીસને જોઈ દારૂ ભરેલી કાર રેઢી મૂકી ચાલક નાસી ગયો



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે માધાપર ચોકડી થી બેડી ચોકડી તરફ જતા બાઈપાસ રોડ પર પુલ નજીક પોલીસને જોઈ દારૂ ભરેલી કાર રેઢી મૂકી ચાલક નાસી જતા પોલીસે રૂપિયા ૭.૩૩ લાખનો મુદ્દામાં કબજે કરી શોધ કોળ શરૂ કરી છે.

અંગેની માહિતી મુજબ ગુના નિવારણ શાખા ના પી.એસ.આઇ એમ જે હુણ ની સૂચના થી એએસઆઈ હરદેવસિંહ રાઠોડ કોન્સ્ટેબલ કુલદીપ સિંહ જાડેજા કોસ્ટેબલ વિજયભાઈ મહેતા સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે માધાપર ચોકડી થી બેડી ચોકડી બાયપાસ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે એક સફેદ કલરની કિયા સોનેટા કર નંબર લષ ૧૫ ભસ ૬૪૦૩ નંબરની શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરતા કારચાલક અંધારા નો લાભ ઉઠાવી કાર રેઢી મૂકી નાસી ગયો હતો પોલીસે કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૧૬ બોટલ કિંમત રૂપિયા ૧.૨૬ લાખ અને બિયરના ટીન નંગ ૭૨ કિંમત રૂપિયા ૭૨૦૦ નો મુદ્દામાલ મળી આવતા પોલીસે કિયા કાર સહિત કુલ રૂપિયા ૭.૩૩ લાખનો મુદ્દા માલ કબજે કરી કાર નંબરના આધારે નાસી ગયેલા શખ્સની શોધખોળ આદરી છે

# મોવીયા ગામની આંગણવાડી કેન્દ્રોમા પોષણ માસની ઉજવણી કરવામા આવી

## ગોંડલ ઘટક ૧ના ૧૨૪ આંગણવાડી કેન્દ્રોમા પોષણ માસ ઉજવણી કરવામાં આવી રહી છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકાર અને મહિલા અને બાળ વિભાગ દ્વારા તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે ગોંડલ ઘટક એકના મોવિયા સેજામાં પોષણ માહ ની ઉજવણી કરવામાં આવેલ છે દરેક બાળકો ના વાલી ને આંગણવાડી મા થતી ઊઈઈઊ પ્રવૃત્તિ વિશે સમજ આપેલ. કાર્યક્રમ આજે તારીખ ૧૭/૯/૨૦૨૪ ના રોજ ઉજવણી કરવામાં આવેલ છે જેમાં સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી શ્રી સોનલબેન વાળા મુખ્ય સેવિકા મુકતાબેન ડોબા પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર ધવલભાઈ પરમાર હાજર હતા રાજ્ય સરકાર તરફ ૧થી ૩૦ સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય પોષણમાં હની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત આઈસીડીએસ વિભાગ ગોંડલ ઘટક ૧ દ્વારા મોવિયા સેજા



માં પોષણ માહની ઉજવણીના ભાગરૂપે આંગણવાડી મા કરાવવામાં આવતી થીમ મુજબ પ્રવૃત્તિ ઓ રમત ગમત ભાગ ૧/૨ મારી ચિત્રપોથી,મારી વિકાસયાત્રા, જ્ઞાનપુંજ કીટ વિશે માર્ગદર્શન આપેલ વર્ષ મા કરાવવામાં આવતી ૧૭ થીમ ઝકખ ડિજિટલ કેલેન્ડર ઉંબરે આંગણવાડી વિશે સમજ આપેલ અને સુપોષિત ભારત સાક્ષર ભારત સશક્ત ભારત સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરી શકાય તે માટે વિવિધ કાર્યક્રમો સપ્ટેમ્બરમાં દરમિયાન ઉજવણી કરવામાં આવશે.

# રેલવે સેફટી માં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૮ કર્મચારીઓને ડીઆરએમએ કર્યા સન્માનિત



રેલ્વે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજકોટ ડીવીઝનના ૮ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝન રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક, ઈલેક્ટ્રિકલ વિભાગ (ટ્રેક્શન) અને ઈજનેરી વિભાગના કર્મચારીઓને ઓગસ્ટ, ૨૦૨૪ મહિનામાં રેલ્વે સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં શ્રી મનોજ મીણા (લોકો પાયલટ–ગુડ્સ, હાપા), શ્રી મુકેશ કુમાર (એરિયા ટ્રેનિંગ સેન્ટર, રાજકોટ–ઈન્ચાર્જ), શ્રી સંજય મિશ્રા (સ્ટેશન માસ્ટર, ભાટિયા), શ્રી બિનેશ કુમાર (સ્ટેશન માસ્ટર, ભાટિયા), શ્રી ગોવિંદ પ્રસાદ બૈરવા (સ્ટેશન માસ્ટર, ભાસ્કરપરા), શ્રી રાહુલ કુમાર પટેલ (ગેટમેન ગેટ નંબર ૬૯, એન્જિનિયરિંગ), શ્રી મનીષ કુમાર મીના (સ્ટેશન માસ્ટર, જામવંથલી) અને શ્રી દેવેન્દ્ર સિંહ (સ્ટેશન માસ્તર, સિંધાવદર). ઉપરોક્ત રેલવે કર્મચારિયોએ ટ્રેકની નજીક ટ્રેનના વ્હીલ નું સ્પાર્કિંગ જોવું, લેવલ ક્રોસિંગ ફાટક પર અસામાન્ય પરિસ્થિતિ જોવી, લેવલ ક્રોસિંગ રેલવે ફાટક પર રોડ વાહનનું અચાનક આગમન વગેરે બાબતોને ધ્યાનમાં લઈને રેલવે કર્મચારીઓ તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. આ રેલ્વે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલ્વે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર શ્રી આર.સી.મીણા અને સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિક એન્જિનિયર (ટ્રેક્શન) શ્રી મીઠાલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૦૧૦ ( વન ઝીરો વન ઝીરો ): ભારતની કલા અને સંસ્કૃતિની ઝાંખી કરાવતા એક્સક્લુઝીવ સ્ટુડિયોનો બીજા વર્ષમાં પ્રારંભ


## સ્ત્રીઓ માટે સ્ત્રીઓ દ્વારા સંચાલિત – Women's Clothing Brandને સફળતાપૂર્વક એક વરસ પૂર્ણ થયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શોધ ના પ્રારબ્ધને.. રેખા હાથમાં, થોડું તો કાંડામાં કૌવત જોઈએ.... માત્ર ગુજરાત જ નહીં પણ દેશના ખૂણે ખાચરેથી ભાતીગળ સંસ્કૃતિ અને લુપ્ત થઈ રહેલી કલાને શોધી કાઢી રાજકોટના ૧૦૧૦ના આઉટલેટ દ્વારા કલા પ્રેમીઓ સમક્ષ રજુ તો કરી છે પણ સાથે સાથે આ કલાકારોને જેમાં ખાસ કરીને મહિલાઓને આત્મનિર્ભરતાનો અરીસો બતાવીને વિશાળ પ્લેટફોર્મ પર પૂરૂ પાડ્યું છે. કલા સંસ્કૃતિનો બહોળો ચાહક વર્ગ ધરાવતા રાજકોટવાસીઓ ને અહીં બેઠા દેશની અલગ અલગ પ્રાંતની કલા મળી રહે છે એ પણ એકસકલુઝીવ ડિઝાઈન સાથે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્કિલ ઈન્ડિયા અને વોકલ ફોર લોકલના સૂત્રને ખરા અર્થમાં સાકાર કરવાનો મોકો છે. ટૂંક સમયમાં નવરાત્રી અને દિવાળીના તહેવારો ટકોરા મારી રહ્યા છે ત્યારે આ ફેસ્ટિવલ સિઝનમાં પરંપરાગત પહેરવેશ અને વિવિધ રાજયોની કલાથી સજ્જ વસ્ત્ર પરિધાનની શોધ કરતા હોય છે જે હવે રાજકોટના અમીન માર્ગ પર ગંગા હોલની સામે આવેલા ૧૦૧૦ એકસકલુઝીવ આઉટલેટ પરથી મળી રહેશે.

એક સંકલ્પને લઈ ને ૧૦૧૦ ફેશન સ્ટોર ૨૦૨૩ માં રાજકોટ શહેરમાં ભારતની કાપડ ઉદ્યોગની જાણીતી હસ્તકાલાથી તૈયાર થયેલા વસ્ત્રોનો સ્ટોર ખોલવામાં આવ્યો. ૧૦૧૦ બ્રાન્ડના મિશન-વિઝન માં સર્વ પ્રથમ દેશ સેવા અને બીજી સમાજ સેવાનો દ્રઢ નિશ્ચય દેખાય છે. સંપૂર્ણ જવાબદારી પૂર્વક પર્યાવરણને હાનિ ના પહોંચે અને દેશ નો વારસો અને સંસ્કૃતિ જળવાય તેવુ ૧૦૧૦ નું બંધારણ તૈયાર કરવામાં આવ્યું. થોડા વિસ્તારથી જોઈએ તો (૧) સ્ત્રીઓ માટે સ્ત્રીઓ દ્વારા બનાવેલા વસ્ત્રોનું ઉત્પાદન કરવું (૨) ગામડાની સ્ત્રીઓને નિઃશુલ્ક વર્કશોપના આયોજન દ્વારા હસ્તકલા શિખવાડવી (૩) હસ્તકલા શિખવાડ્યા બાદ રોજગાર આપવો (૪) પર્યાવરણ ને નુકશાન થાય તેવા કેમિકલ વાપરવા નહીં. (૫) પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ શક્ય હોય ત્યાં સુધી ના વાપરવી. (૬) દેશના કાપડ ઉદ્યોગ અને વસ્ત્રોત્પાદન ક્ષેત્રે વારસો અને સંસ્કૃતિ જાળવી રાખવી.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

૧૦૧૦ ( વન ઝીરો વન ઝીરો )ની આ સફરમાં ડોકિયું કરીએ તો હસ્તકલા શબ્દ સાંભળતા જ આપણાં મનમાં એક હાથે થી પોતાની કલા-કારીગરી કરી રહેલા કોઈ કલાકાર ની છબી ઊભી થાય છે. આમ તો આપણે સૌ આ શબ્દથી પરિચિત છીએ અને હસ્તકલાના પ્રેમી પણ છીએ. આજે જ્યારે મશીનો એ માનવની જગ્યા લેવાનું શરૂ કરીને ઘણી બધી આવી હસ્તકલા ને લૂપ્ત કરી નાખી છે ત્યારે, કાપડ ઉદ્યોગ પણ બાકાત રહ્યો નથી. હાથ-વણાટ, ભરત, ગુંથણ, રંગરેજ જેવી કલા પણ આ ઔદ્યોગિક ક્રાંતિ નો શિકાર બની છે.

કોમલબહેનના કલા પ્રેમિ જીવને આ મંજૂર ન હતું કે આપણો વારસો મશીનો દ્વારા છિનવાઈ જાય. તેમણે દેશના ઘણાં રાજ્યોમાં ફરી ને હસ્તકલા ના કલાકારો ને શોધી તેમની સાથે રહી ખૂબ ઊંડાણ પૂર્વક પેઢિ-દર પેઢીથી ચાલી આવતા આપણાં આ સાંસ્કૃતિક વારસાનો અભ્યાસ કર્યો. ખૂબ મુશ્કેલિઓ આવી, ખૂબ વિરોધ પણ થયા, ઘણી જગ્યાએ જાકારો પણ મળ્યો. આમ છેતાં આપણા ગૌરવવંતા વારસા અને દેશની સંસ્કૃતિની ઓળખ દેશ-વિદેશ સુધી પહોંચાડવાના એમના સંકલ્પને ડગાવી ના શક્યા.

૧૦૧૦ જો દેશ માટે તણખલા જેટલું પણ જો યોગદાન આપવામાં સફળ થઈ શક્યું હોય તો અમે આવનારા ભવિષ્યમાં ઈન્ટરનેટ ના માધ્યમથી ભારતની અમૂલ્ય હસ્તકલા નો પ્રચાર-પ્રસાર કરી તેને જીવંત રાખવાના પગલે આગળ ને આગળ વધ્યા કરીશું તેમજ આગામી વર્ષોમાં ૭ મોટા શહેરોમાં ૧૦૧૦ ફેશન સ્ટોર ખૂલે તેવી યોજના છે.

આવો આપણે સૌ આપણાં દેશની કલા, કલાકાર અને સંસ્કૃતિ ને જીવંત રાખવામાં અને ૧૦૧૦ જેવા ઉત્તમ વિચાર અને પરિવર્તનના ક્રાંન્તિકારી માર્ગ પર ચાલીએ.

# ચોટીલાના મોલડીમાં આર્થીક ભીંસના કારણે ખેડૂતનો આપઘાત

## વરસાદના કારણે ખેતરમાં ધોવાણ થતા વાવણી કરવા અને બાળકોની ફી ભરવાના રૂપિયાના ફાંફા પડતા પગલું ભર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા ચોટીલા તાલુકાના નાના મોલડી ગામે રહેતા ખેડૂતે ભારે વરસાદના કારણે ખેતરમાં ધોવાણ થતાં આર્થિક સંકડામણના કારણે સંતાનોની ફી ભરવાના રૂપિયાનો પણ મેળ નહીં પડતાં આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ચોટીલા તાલુકાના નાની મોલડી ગામે રહેતા રમેશભાઈ મંગાભાઈ ચૌહાણ નામનો ૩૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરતાં ચોટીલા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને પોલીસે ઝેરી દવા પી લેનાર યુવકનું નિવેદન નોંધ્યું હતું.પ્રાથમિક પુછપરછમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરનાર રમેશભાઈ ચૌહાણ બે ભાઈ અને ત્રણ બહેનમાં વચેટ છે અને તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. રમેશભાઈ ચૌહાણ



ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભારે વરસાદના કારણે રમેશભાઈ ચૌહાણના ખેતરમાં ધોવાણ થઈ ગયું હતું. ભારે વરસાદના કારણે થયેલી નુકસાનીથી રમેશભાઈ ચૌહાણ પાસે વાવણી કરવા અને છોકરાઓની ફી ભરવાના રૂપિયાનો મેળ નહીં પડતાં આર્થિક ભીંસમાં સપડાયેલા રમેશભાઈ ચૌહાણે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ચોટીલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સરગમ ચિલ્ડ્રન ક્લબના સભ્યો માટે વેશભૂષા કાર્યક્રમ યોજાયો



સરગમ ચિલ્ડ્રન કલબના બાળકો માટે વેશભૂષા કાર્યક્રમ હેમુગઢવી હોલ માં યોજાયેલ. જેમાં આપણી ભારતીય સંસ્કૃતી તથા અત્યારનું આધુનીકરણનું સંયોજન કરી ઈન્ડીયન અને વેસ્ટન વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરેલ. આ સ્પર્ધા ચાર ગ્રૂપ માં રાખેલ હતી. જેમાં ૧૫ જેટલા વિજેતા બાળકો ને આકર્ષક ઈનામ આપવામાં આવ્યા અને સ્પર્ધા માં ભાગ લેનાર બાળકો ને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા. બાળકો એ આ સ્પર્ધા માં મન ભરીને ભાગ લીધો અને પોતાની કુશળતા અને ક્લાકરી થી ભારતીય સંસ્કૃતી અને આધુનીકરણ દર્શન કરાવ્યા આ કાર્યક્રમ નું સંચાલન ડો. અલ્કાબેન ધામેલીયા એ કરેલ નીર્ણાયક તરીકે જસુમતીબેન વસાણી, ગીતાબેન હિરાણી, ડો. મધુરીકાબેન જાડેજા, ચેતનાબેન સવજાણી તમામ એ પોતાની સેવા આપેલ. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ના માર્ગદર્શન હેઠળ ડો. અલ્કાબેન ધામેલીયા, જ્યશ્રીબેન વ્યાસ, નીતાબેન પરસાણા, માલાબેન પાઠક, દિવ્યાબેન ઉમરાણીયા, હર્ષાબેન ક્થેચા વગેરે જેહમત ઉઠાવેલ.

# કોડીનારમાં લૂંટ, ખંડણી સહિતના ગૂનામાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત પાંચ શખ્સો સામે ગુજસીટોક

## ચાર શખ્સોની અટકાયત કરવામાં આવી : એક શખ્સને ઝડપી પાડવા શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોડીનારમાં ઘણા સમયથી જુદા જુદા લૂંટ, મારામારી, ખંડણી સહિતના અનેક પ્રકારના ગુનાઓ આચરતા તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત પાંચ શખસો સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ચાર શખ્સોની અટકાયત કરવામાં આવી છે જયારે એક શખસને પકડવા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ ગીર સોમનાથ જીલ્લામાં ઘણા વર્ષોથી કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મહેશભાઈ જેઠાભાઈ મકવાણા ઉ.વ.૪૩, રહે.કોડીનાર, પોતાની ગુનાહીત પ્રવૃતિ ચલાવવા માટે પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળીને ગુનાઓ આચરવા માટે



સંગઠીત ગુના આચરતી ટોળકી નસ્ર ઘલિફક્ષશુયમ ઈશિળય જુક્ષમશભફયિંસ્રસ્ર બનાવેલ. જે ગેંગના તમામ સાગરીતો ગુનાઓ આચરે છે. તેઓની આ પ્રવૃતિ સતત ચાલુ રહેતા ટોળકીના આરોપીઓ વિરૂધ્ધ સખત કાયદેસરની કાર્યવાહી કરી મહેશભાઈ જેઠાભાઈ મકવાણા તથા તેની ટોળકીના અન્ય કુલ-૦૪ સભ્યો વિરૂધ્ધ તેના ગુન્હાહિત ઈતિહાસ આધારે ધી ગુજરાત કંટ્રોલ ઓફટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ-૨ (ર્ષ્ઠઈ.ઝ.ઘ.ઈ) ની કલમો મુજબ કાર્યવાહી કરવામાં આવી છે અને ૪ (ચાર) આરોપીઓને હસ્તગત કરવામાં આવ્યા છે તેમજ એક આરોપીને શોધી કાઢવા કાર્યવાહી ચાલુ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કુબલીયાપરા અને જાળીયા ગામે ચાલતા દેશી દારૂ ના હાટડા પર પોલીસે ધોંસ બોલાવી





**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના સંવેદનશીલ વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ મારફતે ચાલતા દેશી દારૂ ના હાથડા પર ગઈકાલે ગુના નિવારણ શાખા ના સ્ટાફે દોષ બોલાવી રૈયાધાર અને આજી નદીના કાંઠે બરોડા પાડી મહિલા સહિત ત્રણ શખ્સોને દબોચી લીધા બાદ આજે ફરી ગુના નિવારણ શાખાના સાથે થોરડા પાસે આવેલા કુબલીયાપરા અને જારીયા ગામની સીમમાં ચાલતા દારૂના હાટડા પર ધોંસ બોલાવી હતી.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગુના નિવારણ શાખા ના ઈન્ચાર્જ પીઆઇ એમ આર ગોંડલીયા ની સૂચનાથી પી.એસ.આઇ એમ જે હુણ તથા પીએસઆઇ પી બી ત્રાજિયા એએસઆઇ મયુરભાઈ પટેલ સંતોષભાઈ મોરી હરદેવસિંહ રાઠોડ હેડ કોન્સ્ટેબલ કિરણ ઝાલા કરણભાઈ મારુ વિરેન્દ્રસિંહ જાડેજા વિજય મહેતા અને કુલદીપ સિંહ સહિતના સ્ટાફે અલગ અલગ ટીમો બનાવી થોરાળા પાસે આવેલા કુબલીયાપરામાં શેરી નંબર ૫ મહાકાળી પાનવાડી શેરીમાં દરોડો પાડી કુબલીયા પરામાં રહેતો મુન્ના શંભુ સોલંકી નામના શખ્સને દબોચી લઈ દેશી દારૂ ૪૭૫ લીટર કિંમત રૂપિયા ૯૫૦૦૦ અને દેશી દારૂ બનાવવાનો હતો ૩૯૨૦ લીટર કિંમત ૯૮૦૦૦ તથા દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ના સાધનો મળી કુલ રૂપિયા ૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો દરોડા દરમ્યાન નાસી ગયેલી મહિલા બુટલેગર અંજુ વિશાલ સોલંકીની પોલીસે શોધ કોડ શરૂ કરી હતી.

જયારે ગુના નિવારણ શાખાની બીજી ટીમ દ્વારા કુવાડવા પોલીસ સ્ટેશન ના વિસ્તારમાં આવેલ જારીયા ગામ ની સીમમાં દારૂની ભઠ્ઠી ચલાવતો નિતેશ પનુ સોલંકી તથા રમેશ ભનુ સોલંકી તથા સુરેશ બચુ સોલંકી નામના ત્રણ દેશી દારૂના બુટલેગરોની ધરપકડ કરી તેના રહેણાંક મકાનમાંથી રૂપિયા ૯૫૦૦૦ ની કિંમત નો દારૂનો જથ્થો અને દારૂ બનાવવાની ભઠ્ઠી ના સાધનો નો મુદ્દા માલ કબજે કરવામાં આવ્યો હતો

# સોનોગ્રાફી રિપોર્ટ નોર્મલ પણ બાળક ખોડખાપણ વાળુ જન્મતા તબીબ સામે એક કરોડના વળતરની માંગ

■ બાળકીની માતાએ વળતર મેળવવા બાબતે ગ્રાહક સુરક્ષામાં કરી ફરિયાદ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગર્ભમાં રહેલા શિશુના માનસિક અને શારીરિક અવસ્થાના પરીક્ષણ માટે માતા દ્વારા સોનોગ્રાફી રિપોર્ટ કરાવાયો હતો. જે રિપોર્ટ નોર્મલ હોવાની ખાતરી ડોકટર દ્વારા અપાઈ હતી અને બાદમાં બાળક ખોડખાપણ અને ગંભીર બિમારીવાળુ જન્મતા માતા દ્વારા સોનોગ્રાફી કરનાર તબીબ સામે વળતર રૂપે રૂા.૧ કરોડ આપવા નોટીસ ફટકારાઈ છે.આ કેસની હકીકત મુજબ ધ્રુવીબેન પ્રશાંતભાઈ નોંધણવદરાએ પોતાના ગર્ભમાં રહેલ બાળકના શારિરીક અને માનસીક વિકાસની સ્થિતી જાણવા રાજકોટના ડો. પ્રતિક કગથરા (એમ.ડી.), નિલકંઠ ડાયગ્નોસ્ટીક, રાજકોટ પાસે તા.૨૪/ ૦૬/૨૦૨૩, તા.૧૬/ ૦૬/૨૦૨૩, તા. ૨૦/૦૯/ ૨૦૨૩, તા.૦૨/૧૨/ ૨૦૨૩ તથા તા.૧૫/૧૨/૨૦૨૩ ના ફેટલ ઈકોકાર્ડીયોગ્રાફી ઈમેજીંગ મશીનથી રિપોર્ટ કરાવેલ હતો. આ બધાજ રિપોર્ટમાં ગર્ભમાં રહેલ બાળક સંપૂર્ણ તંદુરસ્ત હોવાનું લેખીતમાં ડો.પ્રતિક કગથરાએ ખાત્રી આપેલ હતી.ધ્રુવીબેન નોંધણવદરાએ તા.૧૫/૧૨/૨૦૨૩ ના દિકરીને જન્મ આપેલ હતો. નવજાત બાળકીને જન્મથી ચહેરામાં નીચેનું જડબુ (ડાઢ) નથી. તેમજ જમણીં તરફનું કાન પણ નથી. હૃદયમાં છેદ હોવાની તેમજ હૃદયની ગંભીર પ્રકારની બિમારી હોવાનું બહાર આવેલ છે. બાળકીના જન્મ પછી ડો. સુધીર પી. લુધાણી (એમ.ડી.) પાસે પિડીયાટીકસ ઈકોકાર્ડીયોગ્રાફીસ્ત્રસ્ત્ર રિપોર્ટ તા.૩૧/ ૦૧/૨૦૨૪ ના રોજ કરવામા આવેલ હતો. આ રિપોર્ટના આધારે સ્પષ્ટ રીતે સાબીત થયેલ છે કે ડો. પ્રતિક કગથરા દ્વારા કરવામા આવેલ બધાજ રિપોર્ટ ખોટા અને ગેરમાર્ગે દોરનારા હતા. આમ ડો.પ્રતિક કગથરાની સેવાની ખામી સાબીત થાય છે. માજી સંસદ સદસ્યા રમાબેન માવાણી (પ્રમુખ, રાજકોટ શહેર/ જીલ્લા ગ્રાહક રક્ષા મંડળ) એ ધ્રુવીબેન નોંધણવદરા વતી ડો.પ્રતિક કગથરાને સેવાની ખામી બદલ અપંગ જન્મેલ બાળકીની માતાને રૂ.૧ કરોડ ચૂકવી આપવા કાયદાકીય નોટીસ આપેલ કેમ કે અપંગ બાળાને ઉછેરવી, ભણાવવી-ગણાવવી અને લગ્ન સુધીની જવાબદારી માતાની શીરે છે. એ પ્રકારની નોટીસ મળવાથી રાજકોટના આરોગ્ય ક્ષેત્રેમાં સનાટો છવાય ગયેલ છે.

# મેટોડા પાસે રસ્તામાં ખાડાના કારણે બાઈક પરથી પટકાતા સગીરનું મોત

■ રણુજા મેળામાંથી મામાના બાઈક પર બેસી સગીર પરત આવતી વેળાએ બનાવ બન્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડ પર મેટોડા નજીક ખાડાના કારણે બાઈક પરથી પડી જતા ધો.૯ના છાત્રનું ગંભીર ઈજા થતા મોત નીપજ્યું છે. મૃતક સગીર તેના મામા સાથે રણુજાના મેળામાંથી પરત આવતો હતો ત્યારે આ ઘટના બની હતી. પુત્રના મોતથી પરિવારજનોમાં ભારે ગમગીની છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાણાવટી ચોક પાસે આવાસ યોજના કવાર્ટરમાં રહેતો અજય ધીરૂભાઈ ઝાપડા (ઉ.વ.૧૬) નામનો સગીર તેના મામા વિરમભાઈ મુધવા સાથે બાઈક ઉપર રણજાના પ્રસિદ્ધ મેળામાં ગયો હતો. જ્યાંથી ૧૪/ ૯ના મોડી રાત્રે બે વાગ્યાના અરસામાં મામા-ભાણેજ બાઈક લઈ કાલાવડ રોડ પર મેટોડા નજીક પહોંચતા રસ્તા પર પડેલો ખાડો આવતા બાઈક પાછળ બેઠેલો અજય ઉલળીને રસ્તા પર પટકાયો હતો. જેથી તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન આજે સવારે મોત નીપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી મેટોડા પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ચોટીલાના સર્કલ ઓફિસર અને લિંબડી ખનીજ વિભાગના બે કર્મી લાંચ લેતા ઝડપાયા




સુરેન્દ્રનગર જિલ્લામાં એસીબીએ મેંગળવારે ૬ કલાકના અંતરમાં કરાયેલા ૨ સફળ ઓપરેશનમાં ૩ વ્યકતીઓને લાંચ લેતા ઝડપી લીધા સિક્યોરિટી ગાર્ડ છે. જેમાં સવારે ૯-૩૦ કલાકે લીંબડી હાઈવે પર કટારીયા કલાક ચેકપોસ્ટ પાસે રૂપીયા ૧ હજારની લાંચ લેતા ખાણ ખનીજ વિભાગનો કલાર્ક અને સીક્યોરીટી ગાર્ડ પકડાયા હતા. જયારે બપોરે ૩-૩૦ કલાકે ચોટીલા સર્કલ ઓફીસર રૂપીયા ૪૦ હજારની લાંચ લેતો એસીબીના છટકામાં ફસાયો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ખેતી વિષયક રેવન્યુ બાબતોમાં મહેસુલી મેટરમાં ચોટીલા સર્કલ ઓફીસર લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે. મળતી માહીતી મુજબ ચોટીલામાં રહેતા એક ખેડૂતને નવાગામની સીમમાં ભાગવી ખેતીની જમીન આવેલી છે. આ જમીનમાંથી ૫૦ ટકા હિસ્સાના વેચાણમાં વેચાણ આપનારનું નામ કમી કરવા અને વેચાણ લેનારનું નામ દસ્તાવેજના આધારે ગામ નમુના નંબર ૬માં ઉમેરવા તેઓએ ચોટીલા મામલતદાર કચેરીમાં અરજી કરી હતી. જેમાં સર્કલ ઓફીસર જીગ્નેશ પાટડીયાએ ખેડુત પાસે રૂપીયા ૧ લાખની લાંચ માંગી હતી. પરંતુ રકઝકના અંતે રૂપીયા ૪૦ હજારમાં નક્કી થયુ હતુ. ફરિયાદી ખેડુત આ રકમ આપવા માંગતા ન હોય તેઓએ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેમાં એસીબી ટીમે મંગળવારે બપોરના સમયે કચેરીમાં જ છટકુ ગોઠવ્યુ હતુ. અને ફરિયાદી ખેડુતના હાથે રૂપીયા ૪૦ હજાર સર્કલ ઓફીસર જીગ્નેશ પાટડીયા લેતા જ એસીબી ટીમ સામે આવી હતી. અને જીગ્નેશ પાટડીયાને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. તેઓની સામે સુરેન્દ્રનગર એસીબી પોલીસ મથકે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજનું બેફામ ગેરકાયદેસર વહન થાય છે. એક જાગૃત નાગરીક ડમ્પરમાં ખનીજનું વહન કરે છે. તેઓના ત્રણ ડમ્પરને ચેકપોસ્ટે રોકી એન્ટ્રીના અને હેરાનગતી નહી કરવાના ખાણ ખનીજ વિભાગના વર્ગ-૩ના કર્મચારી કલાર્ક સાજીદખાન અહેમદખાન પઠાણ અને ત્યાં ફરજ બજાવતા ખાનગી સીકયોરીટી ગાર્ડ ગીરીશભાઈ હીરાભાઈ ઝાલાએ ડમ્પર દીઠ ૫૦૦ લેખે કુલ રૂપીયા ૧૫૦૦ની લાંચ માંગી હતી. પરંતુ ફરિયાદીએ ઓછુ કરવાનું કહેતા અંતે ૧ હજારમાં નક્કી થયુ હતુ. ફરિયાદી આ ગેરકાયદેસર લાંચની રકમ આપવા માંગતા ન તેઓએ એસીબીને જાણ કરી હતી. જેમાં સુરેન્દ્રનગર એસીબી એમ.એમ.લાલીવાલા, સુરેન્દ્રનગર અને મોરબી એસીબી હોય પીઆઈ સ્ટાફે મંગળવારે સવારે કટારીયા ચેકપોસ્ટે જ છટકુ ગોઠવ્યુ હતુ. જેમાં ફરિયાદી પાસેથી રૂપીયા ૧ હજાર કલાર્ક અને સીકયોરીટી ગાર્ડ લેતા હતા ત્યારે જ એસીબી ટીમ સામે આવી હતી. અને બન્નેને રંગે હાથ લાંચ લેતા ઝડપી લીધા હતા.

# લાખાજીરાજ ઉધોગનગરમાં શેરીમાં ગાળો બોલવાની ના પાડતા માતા-પુત્ર પર હુમલો

લાખાજીરાજ ઉધોગનગર શેરી નં ૮માં રહેતા કિરણબેન રાજેશભાઈ સલાટે થોરાળા પોલીસમાં વિજય ઉર્ફે રૂડી, શકિત અને અજાણ્યા શખસનું નામ આપી ફરીયાદ નોંધાવી છે. જેમાં તેણી શેરીમાં ગણેશજીની સ્થાપના કરેલ હોવાથી પંડાલમાં હતા. ત્યારે ઉપરોકત ત્રિપુટી અજાણ્યા બાઈક ચાલક સાથે ઝઘડો કરી ગાળો બોલતા હોવાથી તેણીએ તમારી શેરીમાં જઈ ઝઘડો કરવાનું કહેતા અજાણ્યા શખસે તેણી સાથે બોલાચાલી કરી ગાળો આપતા હોવાથી દેકારો થતા તેણીના પરિવારજનો આવી ગયા બાદ તેણીના પુત્ર રાહુલે ત્રિપુટીને સમજાવતા તેની સાથે પણ ઝઘડો કરી તુ થોડીવાર અહી રહે તને જોઈ લેશું કહી જતા રહ્યા હતા. બાદ ફરી ઉપરોકત આરોપીઓ આવી તેણીના પુત્ર સાથે બોલાચાલી કર્યા બાદ મારકુટ કરી છરી વડે હુમલો કરતા તેણી વચ્ચે પડતા તેણીને પણ આરોપીઓએ પેટના ભાગે છરીનો ઘા ઝીકી દીધો હતો. ઘટનાના પગલે લોકોના ટોળા એકઠા થતાં આ ત્રણેય આરોપી નાશી છુટયા હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ત્રણેયની શોધખોળ હાથ ધરી છે.

# ચોરાઉ દાગીના ખરીદવાના કેસમાં સોની વેપારીના જામીન મંજૂર

રાજકોટના ચુનારાવાડ શેરી ૫ નં.૮માં ફરિયાદી રાજેશ બાબુભાઈ માલાણીના દાદાના મઢમાંથી તા.૦૨/ ૦૯/ ૨૪ની પૂર્વ સંધ્યાથી વહેલી સવાર સુધીમાં શ્રદ્ધાળુઓ દ્વારા દાદાને ભેટ ધરાયેલા રુ.૮.૩૭ લાખના સોના ચાંદીના દાગીનાની ચોરીની ફરિયાદ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે ચોરી કરનાર આરોપી વિશાલ ઉર્ફે વિશુ ઉર્ફે વિશલો રવીભાઈ સલાટ (રહે.ભાવનગર રોડ, સીમેન્ટની ફેક્ટરીની બાજુમાં, રાજકોટ)ને ઝડપી લીધો હતો. તેના નિવેદનના આધારે પોલીસે સોનાના દાગીના રાખનાર ભાવેષ બીપીનચંદ્ર પારેખ (રહે. કરણપરા ચબુતરા ચોક, કાંતા એપાર્ટમેન્ટ, કરણપરા ગરબી ચોક, રાજકોટ)ને તા.૦૩/૦૯/૨૪ના રોજ અટક કર્યો હતો. તેની સામે ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ કોર્ટની સૂચનાથી જેલ હવાલે કરાયો હતો.બાદ આરોપી ભાવેશ પારેખે જામીન પર છુટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીમાં આરોપી વતી એવી દલીલો કરેલ હતી કે, આરોપીએ ચોર પાસેથી કોઈ દાગીના ખરીદ કરેલ નથી, આરોપીએ સોનાના દાગીનાઓનું ટચ કાઢી આપવાનું કામકાજ કરેલ છે. ગુનામાં તેનો કોઈ રોલ નથી સહિતની દલીલો ધ્યાને લઈને આરોપી ભાવેશ બીપીનચંદ્ર પારેખને એડિશનલ સેશન્સ જજ વી.કે. ભટ્ટે રૂ.૭૫ હજારના જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી દિલીપ પટેલ અને કલ્પેશ નસીત રોકાયા હતા.

# કુવાડવાના બેડી રામપરા ગામે અજાણ્યા વાહનની ઠોકરે ધો.૮ના વિદ્યાર્થીનું મોત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુવાડવા હાઈવે પર બેટી રામપરા ગામ પાસે હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો હતો. જેમાં બેટી ગામે રહેતો ધો.૮નો છાત્ર સાઈકલ લઈ ઘર નજીક દુકાને ભાગ લેવા જતો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે સાયકલને ઠોકરે લઈ નાશી છુટતા અકસ્માતમાં ઘવાયેલા છાત્રનું ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, રાજકોટ તાલુકાના બેટી રામપરા ગામે રહેતો ઉદય રાજુભાઈ મકવાણા (ઉ.વ.૧૪)નામનો સગીર ગત તા.૧૪/૯ના સવારે અગીયાર વાગ્યાના અરસામાં હાઈવે પર સાઈકલ લઈ ઘર નજિક આવેલી દુકાને ભાગ લેવા માટે જતો હતો ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરપાર ઝડપે આવી સાઈકલને ઠોકરે ચડાવી નાશી છુટ્યો હતો. બનાવને પગલે સગીરના પરિવારજનો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત પુત્રને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં તેનું સારવાર દરમિયાન આજે સવારે મોત નીપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એરપોર્ટ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ઉદય ધો.૮માં અભ્યાસ કરતો હોવાનું અને તેના પિતા રીક્ષા ચાલવી પરિવારનું ગુજરાન ચાલવતા હોવાનું જણાવા મળ્યું છે. પુત્રના મોતથી પરિવારજનોમાં કરૂણ કલ્પાંત છવાઈ જવા પામ્યો હતો. આ અંગે પોલીસે અકસ્માત સર્જી નાસી છુટેલા અજાણ્યા વાહન ચાલક સામે હિટ એન્ડ રનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૭૧.૬૬ લાખના દારૂ રાજકોટ પહોચે તે પહેલા જ SMCની ટીમે પાણસીણા પાસેથી ઝડપી લીધો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ હાઈવે ઉપર પાણસીણા ગામ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે બે સ્થળોએ દરોડા પાડી રૂા.૭૧.૬૬ લાખની કિંમતનો ૨૨,૪૦૭ બોટલ બે વાહનો પકડી દરમિયાન આ દારૂનો બુટલેગરે મંગાવ્યો રાજસ્થાનના બે સપ્લાયરોએ આ કર્યાનું ખુલ્યું હતું. રાજકોટનાં બુટલેગરની શોધખોળ શરૂ કરી છે. દરોડામાં વાહન સહિત રૂા.૧.૧૧ કરોડનો મુદામાલ કબજે વિગતો મુજબ, સેલના ડીઆઈજી ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.વી.ચિત્રા અને તેમની ટીમે વોચ ગોઠવી હતી. તે દરમિયાન રાજકોટ-અમદાવાદ હાઈવે પર પાણસીણા નજીક બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતાં. જેમાં પ્રથમ દરોડો પાણસીણા નજીક આશાપુરા ઈન્ડીયન ઓઈલના પેટ્રોલ પંપ પાસે અનેં બીજો દરોડો રાધિકા હોટલ નજીક પાડવામાં આવ્યો હતો. આ દરોડામાં રૂા. ૭૧.૬૬ લાખની કિંમતની ૨૨૪૦૭ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. દરોડામાં એસએમસીએ બાડમેર રાજસ્થાનના ડ્રાઈવર પ્રકાશનાથ કેશવનાથ જોગી અને બીજા ટ્રેઈલરના ડ્રાઈવર ખેતારામ વનકારામ જાટની ધરપકડ કરી હતી અને બે ટેઈલર સહિત રૂા.૧.૧૧ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.દરોડા દરમિયાન તપાસમાં જાણવા મળ્યું કે આ દારૂનો જથ્થો રાજકોટનાં બુટલેગરે મંગાવ્યો હતો અને રાજસ્થનના બે સગા ભાઈઓ કોટપુટલીના સતપાલસિંગ યાદવ અને તેના ભાઈએ એક સપ્લાયર મારફતે આ દારૂનો જથ્થો બે અલગ અલગ વાહનોમાં રાજકોટના બુટલેગરને મોકલ્યો હતો. આ દારૂનો જથ્થો રાજકોટ પહોંચે તે પૂર્વે જ સ્ટેટ મોનીટરીંગ સેલે બે અલગ અલગ દરોડામાં રૂા.૭૧.૬૬ લાખનો દારૂ પકડી પાડયો હતો. બન્ને ટ્રૂકમાં જીપીએસ લગાવવામાં આવ્યા હતાં. જેનું મોનીટરીંગ બુટલેગર દ્વારા કરવામાં આવતાં અને રાજકોટમાં આ દારૂનો જથ્થો ક્યાં ઉતારવો તે સહિતનું માર્ગદર્શન બુટલેગર આપતો હતો. તપાસ દરમિયાન રાજકોટના કયા બુટલેગરે દારૂ મંગાવ્યો તે હવે જાણવા મળશે.

# આજી ડેમ પોલીસ સ્ટેશન પાછળ પાણીની ખાણમાં ડુબી જતા યુવાનનું મોત

## જયનગરમાં રહેતા યુવકના મૃતદેહને ફાયર બ્રિગેડના સ્ટાફે પાણીમાંથી બહાર કાઢ્યોઃ અકસ્માત કે આપઘાત ? પોલીસ તપાસ શરૂ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજીડેમ પોલીસ સ્ટેશન પાછળ આવેલી પાણીની ખાણમાં ડૂબવાથી મોત નીપજ્યું હતું ફાયર બ્રિગેડને જાણ થતા ફાયર બ્રિગેડન સ્ટાફે મૃતદેહને બહાર કાઢ્યો હતો મૃતકની ઓળખ મળી છે ફાયર બ્રિગેડ સ્ટાફે મૃતદેહને પાણીમાંથી બહાર કાઢયો હતો બાદમાં પ્રાથમિક તપાસમાં મૃતક મુકેશ ભાઈ ભાનુભાઈ ડોડીયા (ઉંમર વર્ષ ૪૧)( રહે જયનગર વાળા ) હોવાનું બહાર આવ્યું છે બીજીતરફ આ બનાવ અકસ્માતનો કે આપઘાત ? તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# ગૃહ કલેશના કારણે પતિએ પત્નીની હત્યા કરી પોતે ગળાફાસો ખાઈ લીધો

## ઓખાના સુરજકરાડી વિસ્તારમાં માતા-પિતાના મોત નિપજતા બે સંતાનો નોધારા બન્યાઃ બંનેના મૃતદેહ ઘરના એક જ રૂમમાંથી મળી આવ્યા : પતિએ જીવલેણ છરીના ઘા ઝીંકયા





**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઓખા મંડળના સુરજકરાડી ગામાં રહેતા એક પરિવારના યુવાન દ્વારા પોતાની પત્નીની હત્યા કરીને પોતે પણ આપઘાત કરી લીધાના બનાવે ભારે ચર્ચા જગાવી છે. દંપતીના મૃત્યુના કારણે તેઓના બે સંતાનો નોંધારા બની ગયા છે.

આ કરુણ બનાવની જાણવા મળતી વિગત મુજબ દ્વારકા તાલુકાના મીઠાપુર તાબેના આરંભડા- સુરજકરાડી વિસ્તારમાં આશાપુરા સોસાયટીમાં રહેતા ભાવનાબેન વલૈયાભા માણેક નામના આશરે ૩૦ એક વર્ષના હિન્દુ વાઘેર મહિલાને તેના પતિ વલૈયાભા માણેક સાથે ગઈકાલે સોમવારે રાત્રિના સમયે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી.

આથી ઉશ્કેરાયેલા વલૈયાભાએ ગઈકાલે રાત્રિના સમયે પોતાના પત્ની ભાવનાબેનને છરી જેવા તીક્ષ્ણ હથિયાર વડે આડેધડ ઘા ઝીંકીને હત્યા નીપજાવી હતી. આ પછી તેણે પણ તેજ સ્થળે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધાનું બિનઆધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ બંને મૃતદેહ એક જ ઘરના એક જ રૂમમાંથી મળી આવ્યા હતા. વધુમાં જાણવા મળતી વિગત મુજબ મૃતક દંપતિને એક પુત્ર તથા એક નાની પુત્રી છે.આ બંને માતા પિતાના મૃત્યુ બાદ નોંધારા બની ગયા છે. આમ, આ સમગ્ર પ્રકરણમાં કુટુંબી કલેશના કારણે યુવાન દ્વારા પોતાના પત્નીની હત્યા કરી અને આપઘાત કરી લીધા અંગેની ધોરણસર ફરિયાદ મૃતક મહિલાના પિતરાઈ ભાઈ ભાવુભા મોડભા કેરએ મીઠાપુર પોલીસમાં નોંધાવી હતી. આ સમગ્ર બનાવે મૃતકના પરિવારજનોમાં ભારે શોક સાથે ઓખા મંડળમાં ભારે ચકચાર પ્રસરાવી છે. મૃતક દંપતિ વચ્ચે છેલ્લા ત્રણેક માસથી ગૃહકલેશ ચાલતો હતો.પોલીસ દ્વારા બંને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ત્રંબાની ત્રિવેણી સંગમ નદીમાં ગણેશ વિર્સજન વખતે ચાર ડુબ્યાઃ એકનું મોતઃ ત્રણનો બચાવ

## રૂખડીયાપરામાંથી બોલેરો કારમાં ગણપતિ વિસર્જન કરવા ગયા બાદ બની ઘટના; બે સારવારમાં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર દેશમાં ગણપતિ ૧૦ દિવસીય મહોત્સવ બાદ અગિયારમાં દિવસે ગણપતિ વિસર્જન કરવામાં આવી રહ્યું હતું. ત્યારે રાજકોટમાં અલગ અલગ ૮ જેટલા સ્થળે ગણપતિ વિસર્જન માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે રાજકોટના ત્રંબા ગામ ખાતે ત્રિવેણી સંગમમાં ગણેશ વિસર્જન કરવા આવેલા ચાર લોકો ડૂબતા ગામના લોકો દ્વારા બચાવવામાં આવ્યા હતા. પરંતુ એક સગીરાનું મોત નિપજતા કરૂણ કલ્પાંત સર્જાયો છે. જ્યારે બે લોકોની હાલત ગંભીર હોવાથી હાલ સારવાર હેઠળ રખાયા છે.

રાજકોટમાં ગણપતિ મહોત્સવને લઈને વિસર્જન સમયે કોઈ અઘટિત ઘટના ન બને તે માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા જુદા જુદા આઠ જેટલા સ્થળે ગણપતિ વિસર્જન માટે વ્યવસ્થા કરવામાં આવી હતી એટલું જ નહીં પરંતુ લોકોની સુરક્ષા માટે ૧૫૦૦ થી વધુ પોલીસ કર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા તેમ છતાં રાજકોટમાં રૂખડીયાપરા વિસ્તારમાં સેન્ટ્રલ જેલ પાછળ આવેલા મહાકાળી માતાજીના મંદિર પાસે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને અગિયારમા દિવસે બોલેરો કાર લઈ લોકો ત્રંબા ખાતે આવેલ ત્રિવેણી સંગમ નદીમાં ગણપતિનું વિસર્જન કરવા માટે ગયા હતા તે દરમિયાન રૂખડિયાપરાના લકી અશોક મકવાણા (ઉ.વ.૧૪), રાહુલ પ્રવિણ રાઠોડ (ઉ.વ.૧૫) અને સુરજ મિતરભાઈ જાટ (ઉ.વ.૧૯) સહિત ચાર લોકો પાણીમાં ડૂબ્યા હતા. ગણેશ વિસર્જનમાં સાથે ગયેલા લોકો અને ગ્રામજનોએ ડૂબેલા ચારેય લોકોને બહાર કાઢ્યા હતા જેમાં લકી મકવાણા, રાહુલ રાઠોડ અને સુરજ જાટને બેશુદ્ધ હાલતમાં ૧૦૮ મારફતે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે લકી મકવાણાને જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે કરુણ કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના અંગે જાણ થતા આજીડેમ પોલીસ મથકના એએસઆઈ ધનરાજસિંહ જાડેજા અને રાઈટર જયપાલભાઈ વાટુકિયા તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને જરૂરી કાર્યવાહી કરી હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં રાજકોટ ગ્રામ્ય મામલતદાર પણ ત્રંબા ખાતે દોડી આવ્યા હતા.અને ઘટના બાબતે આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

